# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૬ * અંક-૭ * માર્ચ, ૨૦૨૨

## ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો

## ૯૦મો



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે વીર છે તેને પણ મરવું પડે છે તથા જે વીર નથી તે પણ અવશ્ય મરે છે. જો વીર તથા કાયર બન્ને મરે જ છે તો વીરતાથી અર્થાત્ સંક્લેશ પરિણામોનો ત્યાગ કરીને શાંત પરિણામોથી મરવું જ શ્રેષ્ઠ છે. હું શાંત-પરિણામી થઈને પ્રાણોનો ત્યાગ કરીશ. ૧૯૨૫. (શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, પ્રત્યાખ્યાન અધિકાર, ગાથા-૯૬)

● આ જીવને ત્રણ કાળ ત્રણ લોકમાં સમ્યગ્દર્શન સમાન અન્ય કોઈ કલ્યાણ નથી તથા મિથ્યાત્વ સમાન અન્ય કોઈ અકલ્યાણ નથી. ૧૯૨૬.

(શ્રી સમંતભદ્ર આચાર્ય, રત્નકરંડ શ્રાવકાચાર, ગાથા-૩૪)

● જોકે ઔષધિ ગુણકારી હોય છે તોપણ જો તે વિષ-મિશ્રિત થઈ ગઈ હોય તો તે દોષિત થઈ જવાથી તેના સેવનથી મનુષ્યને નુકસાન થાય છે. તેવી જ રીતે અહિંસાદિ ગુણ જ્યારે મિથ્યાત્વ સહિત હોય છે ત્યારે તે ગુણ હોવા છતાં સંસારમાં લાંબા કાળ સુધી પરિભ્રમણ કરાવવાવાળા દોષોને ધારણ કરે છે. ૧૯૨૭.

(શ્રી શિવકોટી આચાર્ય, મૂલારાધના, ગાથા-૬૩)

● આ એક મરણના અંતે થવાવાળી સંલેખના જ મારા ધર્મરૂપી ધનને મારી સાથે લઈ જવાને સમર્થ છે. એ રીતે ભક્તિ સહિત નિરંતર ભાવના કરવી જોઈએ. ૧૯૨૮.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય, શ્લોક-૧૭૫)

● સંકલ્પ-વિકલ્પના નાશથી નિર્વિકલ્પદશામાં ઉત્પન્ન થયો જે જ્ઞાનરૂપી સુધારસ તેને ભાવમુનિઓ સમ્યગ્જ્ઞાનરૂપી અંજલિ વડે પીવે છે. ૧૯૨૯.

(પરમાનંદસ્તોત્ર, શ્લોક-૫)

● કોઈ કોઈ માત્ર જ્ઞાનથી જ આત્માની શુદ્ધિ થવી માને છે તે તેમનો મોટો ભ્રમ છે. કારણ કે ઔષધિનું સ્વરૂપ જાણવા માત્રથી કોઈનો રોગ દૂર થતો નથી, પરંતુ ઔષધિ સેવનથી જ રોગ દૂર થાય છે. તેમ જ્ઞાનની સાથે શ્રદ્ધા અને ચારિત્ર હોતા જ આત્માની શુદ્ધિ (મુક્તિ) થાય છે. ૧૯૩૦.

(શ્રી અમિતગતિ આચાર્ય, ધર્મ-પરીક્ષા, પરિચ્છેદ ૧૭મું, શ્લોક-૫૫)

● ચાર ગતિના દુઃખોનો ક્ષય થાઓ, આઠ કર્મોનો ક્ષય થાઓ, જ્ઞાનનો લાભ થાઓ, પંચમગતિમાં ગમન થાઓ. સમાધિ-મરણ થાઓ તથા જિનરાજના ગુણોની સંપત્તિ મને પ્રાપ્ત થાઓ. ૧૯૩૨. (શ્રી કુંદકુંદ આચાર્ય, દસ ભક્તિ)

વર્ષ–૧૬
અંક–૭




વિ. સંવત
૨૦૭૮

March
A.D. 2022


પ્રશમમૂર્તિ પૂજ્ય બહિનશ્રી ચંપાબેનની ૯૦મી મંગલકારી
સમ્યક્ત્વજયંતી મહોત્સવ પ્રસંગે શાસ્ત્રોમાંથી વીણેલા

## સમ્યક્ત્વબોધપ્રેરક વચનામૃત

### શ્રાવક શું કરે ?

હે શ્રાવક ! સંસારના દુઃખોનો ક્ષય કરવા માટે પરમ શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરીને અને તેને મેરુપર્વત સમાન નિષ્કંપ રાખીને તેને જ ધ્યાનમાં ધ્યાવ્યા કરો.

—મોક્ષપાહુડ, ગાથા-૮૬

### સમ્યગ્દર્શનથી કર્મનો ક્ષય

જે જીવ સમ્યક્ત્વને ધ્યાવે છે તે જ સમ્યગ્દષ્ટિ હોય છે, અને સમ્યક્ત્વરૂપ પરિણમનથી તે જીવ દુષ્ટ અષ્ટ કર્મોનો ક્ષય કરે છે. —મોક્ષપાહુડ, ગાથા-૮૭

### સમ્યક્ત્વથી જ સિદ્ધિ

અધિક શું કહેવું ? ભૂતકાળમાં જે મહાત્મા સિદ્ધ થયા છે અને ભવિષ્યકાળમાં સિદ્ધ થશે તે બધું આ સમ્યક્ત્વનું જ માહાત્મ્ય છે એમ જાણો. —મોક્ષપાહુડ, ગાથા-૮૮

### શુદ્ધ સમ્યગ્દષ્ટિને ધન્ય છે !

સિદ્ધિ કરનાર એવા સમ્યક્ત્વને જેણે સ્વપ્નમાં પણ મલિન કર્યું નથી તે પુરુષ ધન્ય છે, સુકૃતાર્થ છે, તે જ વીર છે, અને તે જ પંડિત છે. —મોક્ષપાહુડ ગાથા-૮૯

### સમ્યક્ત્વના પ્રતાપથી પવિત્રતા

શ્રી ગણધરદેવોએ સમ્યગ્દર્શન-સંપન્ન ચંડાળને પણ દેવ સમાન કહ્યો છે. ભસ્મમાં છુપાયેલ અગ્નિની ચિનગારીની જેમ તે આત્મા ચાંડાળ દેહમાં રહેલો હોવા છતાં સમ્યગ્દર્શનના પ્રતાપથી તે પવિત્ર થઈ ગયો છે તેથી તે દેવ છે.

—રત્નકરંડક શ્રાવકાચાર, ગાથા-૨૮

**સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ પણ શ્રેષ્ઠ છે**

જે સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ છે તે મોક્ષમાર્ગમાં રહેલો છે, પરંતુ મિથ્યાદષ્ટિ મુનિ મોક્ષમાર્ગી નથી; માટે મિથ્યાદષ્ટિ મુનિ કરતાં સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ શ્રેષ્ઠ છે.

—રત્નકરંડક શ્રાવકાચાર, ગાથા-૩૩

**જીવને કલ્યાણકારી કોણ ?**

ત્રણકાળ અને ત્રણલોકમાં પણ પ્રાણીઓને સમ્યક્ત્વ સમાન બીજુ કોઈ શ્રેયરૂપ નથી તેમ જ મિથ્યાદર્શન સમાન બીજું કોઈ અહિતરૂપ નથી.

—રત્નકરંડક શ્રાવકાચાર, ગાથા-૩૪

**સર્વગુણની શોભા સમ્યગ્દર્શનથી છે**

જેવી રીતે નગરની શોભા દરવાજાથી છે, મુખની શોભા ચક્ષુથી છે, અને વૃક્ષની સ્થિરતા મૂળથી છે તેવી રીતે જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્યની શોભા સમ્યગ્દર્શનથી છે.

—ભગવતી આરાધના ગાથા-૭૪૨

**ત્રણ લોકમાં સમ્યગ્દર્શનની શ્રેષ્ઠતા**

એક તરફ સમ્યગ્દર્શનનો લાભ થતો હોય અને બીજી તરફ ત્રણલોકના રાજ્યનો લાભ થતો હોય તો ત્યાં ત્રણલોકના લાભ કરતાં સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે; કેમકે ત્રણલોકનું રાજ્ય પામીને પણ અલ્પ પરિમિત કાળમાં તે છૂટી જાય છે અને સમ્યગ્દર્શનનો લાભ થતાં તો જીવ અક્ષય મોક્ષસુખને પામે છે.

—ભગવતી આરાધના ગાથા-૭૪૯

શાંતભાવ, જ્ઞાન, ચારિત્ર અને તપ એ બધાં જો સમ્યગ્દર્શન વગર હોય તો પુરુષને પત્થરની જેમ બોજા સમાન છે, પરંતુ જો તેમની સાથે સમ્યગ્દર્શન હોય તો તેઓ મહામણિ સમાન પૂજ્ય છે.

—આત્માનુશાસન, ગાથા-૧૫

**સમ્યક્ત્વની આરાધના**

"જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણે ગુણોને ઉજ્જ્વળ કરનાર એવો એ સમ્યક્ શ્રદ્ધા પ્રધાન આરાધના છે. બાકીની ત્રણ આરાધના એક સમ્યક્ત્વના વિદ્યમાનપણામાં જ આરાધકભાવે પ્રવર્તે છે. એ પ્રકારે સમ્યક્ત્વનો કોઈ અકથ્ય અને અપૂર્વ મહિમા જાણી તે પવિત્ર કલ્યાણમૂર્તિરૂપ સમ્યગ્દર્શનને આ અનંત અનંત દુ:ખરૂપ એવા અનાદિ સંસારની આત્યંતિક નિવૃત્તિ અર્થે હે ભવ્યો ! તમે ભક્તિપૂર્વક અંગીકાર કરો, સમયે સમયે આરાધો."

—આત્માનુશાસન

### સર્વ દુઃખોનું પરમ ઔષધ

જે પ્રાણી કષાયના આતાપથી તપ્ત છે, ઇન્દ્રિય વિષયરૂપી રોગથી મૂર્છિત છે અને ઇષ્ટ વિયોગ તથા અનિષ્ટ સંયોગથી ખેદખિન્ન છે—તે બધાને માટે સમ્યક્ત્વ પરમ હિતકારી ઔષધિ છે. —સારસમુચ્ચય, ગાથા-૩૮

### સમકિતી સર્વત્ર સુખી

સમ્યગ્દર્શન સહિત જીવનો નરકવાસ પણ શ્રેષ્ઠ છે, પરંતુ સમ્યગ્દર્શન રહિત જીવનો સ્વર્ગમાં વાસ પણ શોભતો નથી. કેમકે આત્મભાન વગર સ્વર્ગમાં પણ તે દુઃખી છે. જ્યાં આત્મજ્ઞાન છે ત્યાં જ સાચું સુખ છે. —સારસમુચ્ચય, ગાથા-૩૯

### પરમ રત્ન

શંકાદિ દોષોથી રહિત એવું સમ્યગ્દર્શન તે પરમ રત્ન છે, અને તે પરમ રત્ન સંસાર-દુઃખરૂપી દરિદ્રતાનો જરૂર નાશ કરે છે. —સારસમુચ્ચય, ગાથા-૪૦

### નિર્વાણ અને પરિભ્રમણ

જે જીવ સમ્યગ્દર્શનથી યુક્ત છે તે જીવને ચોક્કસપણે નિર્વાણનો સંગમ થાય છે અને મિથ્યાદૃષ્ટિ જીવને સદાય સંસારમાં પરિભ્રમણ થાય છે. —સારસમુચ્ચય, ગાથા-૪૧

### કોણ ભવદુઃખને હણે છે ?

સમ્યક્ત્વ ભાવની શુદ્ધિ વડે જે જીવ વિષયોના સંગથી રહિત છે અને કષાયોનો વિજયી છે તે જ જીવ ભવભયના દુઃખોને હણી નાખે છે.

—સારસમુચ્ચય, ગાથા-૫૦

પ્રજ્ઞા, મૈત્રી, સમતા, કરુણા તથા ક્ષમા—એ બધાનું સેવન જો સમ્યક્ત્વ સહિત કરવામાં આવે તો તે સિદ્ધિસુખને દેનાર છે. —સારસમુચ્ચય, ગાથા-૨૬૭

### ત્રણ લોકનો સાર

કેવળ એક આત્મા જ સમ્યગ્દર્શન છે, એ સિવાય અન્ય સર્વ વ્યવહાર છે; માટે હે યોગી ! એક આત્મા જ ધ્યાન કરવા યોગ્ય છે, તે જ ત્રણલોકમાં સારભૂત છે.

—પરમાત્મપ્રકાશ અધ્યાય-૧, ગાથા-૯૬

### સમ્યગ્દર્શનની મહાનતા

આ સમ્યગ્દર્શન મહાન રત્ન છે, સર્વ લોકના એક ભૂષણરૂપ છે અર્થાત્ સમ્યગ્દર્શન સર્વ લોકમાં અત્યંત શોભાયમાન છે અને તે જ મોક્ષપર્યંત સુખ દેવામાં સમર્થ છે. —જ્ઞાનાર્ણવ અધ્યાય-૬, ગાથા-૫૩



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



## વિકસિત કળીના દ્રષ્ટાંતે જ્ઞાનકળાનો મહિમા દર્શાવતું

પૂજ્ય ગુરુદેવશ્રીનું મંગલ પ્રવચન (ગતાંકથી આગળ)

(સમયસાર કળશ ૫૫, શ્રાવણ વદ ૧)

પર્યાયના પ્રેમમાં રાગપણે પરિણમે છે ત્યારે દુઃખરૂપ જ વેદન છે, તે વખતે અનાકુળ વેદન નથી. જેને રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થયું છે તેને તો હું શુદ્ધપણે પરિણમું છું એમ જ ભાસે છે, વિકારપણે પરિણમવું ભાસતું નથી. અને મિથ્યાદૃષ્ટિને અશુદ્ધપણે જ પરિણમવું ભાસે છે, શુદ્ધપણે પરિણમવું ભાસતું નથી. કારણ કે જે એકલા વિકારની રુચિના પરિણામમાં આવ્યો છે તેને એકલા વિકારનું જ પરિણમન ભાસે છે પણ શુદ્ધપણે પરિણમવું ભાસતું નથી. વિકારપણે પરિણમનારને શુદ્ધપણે પરિણમન જ નથી. તેથી શુદ્ધપણે પરિણમવું ભાસતું નથી.

જેને નિજ-આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે. પરસત્તાવલંબી જ્ઞાનના પ્રેમમાં સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. ત્રિકાળીનાથનો આદર કર્યા વિના વિકારપણે પરિણમે છે તેને શુભાશુભભાવે પરિણમવું ભાસે છે પણ ચૈતન્યપણે પરિણમવું ભાસતું નથી.

જે ત્રિકાળી સ્વભાવ છે તેની દૃષ્ટિ ને રુચિ નથી અને વર્તમાન શુભ રાગાદિના પ્રેમમાં ફસાઈ ગયો છે તે સ્વભાવ પ્રત્યે ક્રોધપણે પરિણમ્યો છે. જેને અંદરમાં રાગપણું જ ભાસ્યું છે તેને આત્મા છે એમ ભાસ્યું જ નથી. તેને સ્વભાવની અરુચિ વર્તે છે.

એ રીતે આત્મા અને ક્રોધાદિને નિશ્ચયથી એક વસ્તુપણું નથી. જો એકવસ્તુ હોય તો ભેદજ્ઞાનમાં જુદી કેમ પડે ? આ રીતે આત્મા અને આસ્રવોનો ભેદ દેખવાથી અર્થાત્ ભગવાન આનંદસ્વરૂપ અને દુઃખરૂપ રાગનો—આસ્રવોનો ભેદ જાણે છે ત્યારે પરમાં—રાગાદિમાં કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે. અનાદિથી રાગનો કર્તા હું છું અને રાગ

**સુખકદમ્બ સાધકસરન, સુજન ઇષ્ટસુખવાસ;**
**બોધરૂપ બહુલાતમક, શીતલ શીલવિલાસ. ૫૨**

કવિવર પં. બનારસીદાસજી કૃત
**શ્રી જિનસહસ્રનામ સ્તોત્ર**

મારું કાર્ય છે એવી અજ્ઞાનની કર્તાકર્મની પ્રવૃત્તિ કે જે અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે તે નિવૃત્ત થાય છે, અને કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થતાં તેના નિમિત્તે થતો દ્રવ્યકર્મનો બંધ પણ નિવૃત્ત થાય છે. રાગથી ભિન્ન પડીને જ્ઞાન થતાં, અજ્ઞાનની કર્તાકર્મની પ્રવૃત્તિના નિમિત્તે જે દ્રવ્ય-કર્મનો બંધ થતો હતો તે અજ્ઞાનની કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થતાં બંધની પણ નિવૃત્તિ થાય છે. એ રીતે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ થાય છે તેમ સિદ્ધ થયું.

## સમયસાર એટલે અનુભૂતિરૂપ થયેલો આત્મા

સમ્યગ્દર્શન માટે જ્ઞાનની પર્યાય દ્વારા આત્માના સ્વભાવનો નિર્ણય કરવાની આ વાત છે. ભગવાનના આગમ જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરાવવા માગે છે. જ્ઞાનને ભૂલીને, રાગના ને શરીરના પ્રેમથી જીવે ભવચક્રમાં ભવ ધારણ કરી કરીને અનંતા શરીર બદલાવ્યા છે. શરીરથી, રાગથી ને જગતથી જુદો જ્ઞાનસ્વભાવ છે--તે હું છું--એમ એકવાર નિશ્ચય કરે તો આખી દિશા બદલી જાય. જ્ઞાનસ્વભાવ હું છું--એમ કોઈ બીજાના કારણે કે રાગના કારણે જાણતો નથી, પણ પોતાના જ્ઞાનવડે જ પોતે પોતાના જ્ઞાનસ્વભાવને જાણે છે. વીતરાગી શાસ્ત્રો પણ એમ કહે છે કે તારો જ્ઞાનસ્વભાવ શાસ્ત્રના અવલંબન વગરનો છે. તે પ્રમાણે નક્કી કર્યા પછી જ્ઞાનને અંતરમાં વાળતાં આત્મા સાચા વેદનમાં આવે છે, ને ત્યારે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનપણે ભગવાન આત્મા પ્રગટ પ્રસિદ્ધ થાય છે. મતિ-શ્રુતજ્ઞાનમાં આત્માનું અતીન્દ્રિય સ્વસંવેદન કરવાની તાકાત છે. સ્વસંવેદન તરફ જ્ઞાન ઝુક્યું ત્યાં તે નિર્વિકલ્પ-અતીન્દ્રિય થઈ જાય છે; ને અનંત ગુણના આનંદને તે વેદે છે... અહો ! આવો આત્મા હું--એમ સાક્ષાત્ વેદનપૂર્વક સમ્યગ્દર્શન થાય છે.

સમ્યગ્દર્શન થવા કાળે અનુભૂતિમાં એકલા આત્માની પ્રસિદ્ધિ છે. પરપદાર્થની પ્રસિદ્ધિ ત્યાં નથી; પરપદાર્થની પ્રસિદ્ધિમાં મન-ઈન્દ્રિયનું અવલંબન છે, તેને છોડીને મતિ-શ્રુતજ્ઞાને પોતાના જ્ઞાનસ્વભાવનું અવલંબન લીધું ત્યાં અતીન્દ્રિયજ્ઞાનમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે—પ્રગટ અનુભવમાં આવે છે.

ઈન્દ્રિય તરફ ઝુકેલું જ્ઞાન ભગવાન આત્માને પ્રસિદ્ધ કરી શકતું નથી. તેમજ મનના વિકલ્પો તરફ ઝુકેલું (-તેનાથી લાભ માનનારું) જ્ઞાન પણ વિકલ્પાતીત જ્ઞાનસ્વભાવને અનુભવી શકતું નથી. જ્ઞાનસ્વભાવી ભગવાન આત્માને પ્રસિદ્ધ કરવા માટે, એટલે કે સાક્ષાત્ અનુભવમાં લેવા માટે તેના તરફ જ્ઞાનપર્યાય વાળવી જોઈએ,

**કેવલજ્ઞાની કેવલદરસી, સન્યાસી સંયમી સમરસી,**
**લોકાતીત અલોકાચારી, ત્રિકાલજ્ઞ ધનપતિ ધનધારી. ૫૩**

તેની સન્મુખ થાય ત્યારે જ તેને જાણી શકે છે. જ્ઞાન અંતર્મુખ થઈ આત્માને અનુભવે ત્યાં તે અનુભૂતિમાં કોઈ નયના વિકલ્પો રહેતાં નથી, ત્યાં નયપક્ષનું આલંબન નથી, ત્યાં એક જ્ઞાનસ્વભાવનું જ આલંબન છે, પર્યાય અંતર્મુખ થઈને તેમાં એકાગ્ર થઈ છે. ત્યાં વીતરાગી આનંદનું જ વેદન છે, ત્યાં કોઈ આકુળતા નથી. અહા, આવી અનુભૂતિની શી વાત ! આવી અનુભૂતિ થાય ત્યારે સમ્યગ્દર્શન થયું કહેવાય.

આત્માનો સુખસ્વભાવ અનાકુળ છે, ને વિકલ્પો તો આકુળતા ઉપજાવનારા હોવાથી દુઃખરૂપ છે. જ્ઞાનમાં દુઃખ કે આકુળતા ન હોય; વિકલ્પોમાં સુખ ન હોય. બંનેની જાત જ જુદી છે. વિકલ્પ—પછી ભલે તે આત્માના સંબંધમાં હોય—પણ તેમાં આકુળતા છે; વિકલ્પથી ભિન્ન જ્ઞાન છે, તે જ્ઞાન અંતર્મુખ થતાં વિકલ્પ રહિત નિરાકુળ અતીન્દ્રિય શાંતિનું વેદન થાય છે. તે વેદનને ધર્મી જ જાણે છે. અનુભૂતિમાં ધર્મીને તો કેવળજ્ઞાનના ખજાના ખૂલ્યા છે. અહા, જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા તો નિર્વિકલ્પ આનંદની પેટી છે, આનંદનો પટારો છે, જેમ પટારામાં વૈભવ ભર્યો હોય તે દેખીને લોકો ખુશી થાય છે તેમ ચૈતન્યના પટારામાં અતીન્દ્રિય આનંદ વગેરે અનંત ગુણનો ખજાનો ભર્યો છે. તેને અંતર્મુખ જ્ઞાન વડે દેખીને ધર્મી જીવ પ્રસન્ન થાય છે—આનંદિત થાય છે. આત્મસન્મુખ થયેલા પરિણામ તે સમ્યગ્દર્શનનું કારણ છે, આત્મસન્મુખ થયેલા પરિણામ તે પોતે શાંતિ છે, તે પોતે સમ્યગ્દર્શન છે, તે પોતે સમ્યગ્જ્ઞાન વગેરે છે. સાધક ભૂમિકામાં હજી રાગાદિભાવ છે તે અંતરના સ્વસન્મુખ પરિણામથી જુદા છે, ધર્મીની અનુભૂતિથી તે જુદા છે. સમ્યગ્દર્શનની જે અનુભૂતિ છે તેમાં કોઈ રાગ કે વિકલ્પ નથી. શ્રુતજ્ઞાન સાથે વિકલ્પ હોય તે કાંઈ જ્ઞાનનું સ્વરૂપ નથી, એટલે જ્ઞાન જ્યાં અંતરમાં ઢળ્યું ત્યાં વિકલ્પો બધા જુદા પડી ગયા—બહાર રહી ગયા. એકવાર જ્ઞાન વિકલ્પથી છૂટું પડ્યું તે ફરીને વિકલ્પ સાથે કદી એકપણે પરિણમતું નથી. જ્ઞાનરૂપ નિજરસ વડે જ આત્મા પ્રસિદ્ધ થાય છે—જણાય છે. ઈન્દ્રિયના સહારાથી કે વિકલ્પના અવલંબનથી આત્માને જાણી શકાય નહીં. આત્માની અનુભૂતિ પક્ષાતિક્રાંત છે, વિકલ્પાતીત છે, તે અંતરના અતીન્દ્રિય જ્ઞાન વડે જ સ્વસંવેદનમાં આવે તેવો છે. આવી અનુભૂતિ કરનાર આત્મા વિશ્વ ઉપર તરતો હોય એમ પોતાને બધાથી ભિન્ન અનુભવે છે. પોતાના અનુભવમાં જે તત્ત્વ આવ્યું તેવું જ તત્ત્વ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે—એમ તે નિઃશંક જાણે છે. અનુભૂતિ થતાં નિર્મળપર્યાય દ્રવ્યમાં પ્રસરી ગઈ એમ કહેવાય છે. જ્ઞાનથી રાગ

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૫ ઉપર)

ચિન્તાહરણ રસાયન રૂપી, મિથ્યાદલન મહારસકૂપી,
નિર્વૃતિકર્તા મૃષાપહારી, ધ્યાનધુરંધર ધીરજધારી. ૫૪



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, દ્રવ્ય અને પર્યાયોનું કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદપણું દર્શાવે છે :—

**दव्वाण पज्जयाणं धम्मविवक्खाए कीरए भेओ ।**
**वत्थुसरूवेण पुणो ण हि भेदो सक्कदे काउं ॥२४५॥**

અર્થ :—દ્રવ્ય અને પર્યાયમાં ધર્મ-ધર્મીની વિવક્ષાથી ભેદ કરવામાં આવે છે; પરંતુ વસ્તુસ્વરૂપથી ભેદ થઈ શકતો નથી.

ભાવાર્થ :—દ્રવ્ય અને પર્યાયમાં ધર્મ-ધર્મીની વિવક્ષાથી ભેદ કરવામાં આવે છે. દ્રવ્ય ધર્મી છે અને પર્યાય ધર્મ છે. વસ્તુપણે એ બંને અભેદ જ છે. કોઈ નૈયાયિકાદિ ધર્મ-ધર્મીમાં સર્વથા ભેદ માને છે; તેમનો મત પ્રમાણથી બાધિત છે.

જુઓ, અહીં પર્યાયને પણ વસ્તુનો ધર્મ કહેલ છે. અહીં ધર્મનો અર્થ મોક્ષમાર્ગ નથી, પણ વસ્તુનો અંશ હોવાથી પર્યાયને ધર્મ કહેલ છે. પર્યાય પણ અંશીનો અંશ છે, માટે તે ધર્મ છે. જેમ રાગપર્યાય થઈ, તે પણ આત્માની પર્યાય છે, માટે તે પણ આત્માનો ધર્મ છે. દ્રવ્ય, ધર્મી છે અને પર્યાય, ધર્મ છે. જે ગુણ-પર્યાયને ધારણ કરે છે, તે ધર્મી છે અને તેના ગુણ-પર્યાયો ધર્મ છે. દરેક સમયની પર્યાય તે વસ્તુનો પોતાનો ધર્મ છે, ભલે તે પર્યાય ત્રિકાળ નથી પણ વર્તમાનમાત્ર તે વસ્તુનો ધર્મ છે. વસ્તુનો ધર્મ કોઈ પરને કારણે થયો નથી. રાગ, આત્માનો ધર્મ છે તો કર્મે રાગ કરાવ્યો—આ વાત રહેતી નથી. છએ દ્રવ્યની પર્યાય તેનો ધર્મ છે. પર્યાય તે પદાર્થનો જ એક અંશ છે, પદાર્થથી તેની પર્યાય સર્વથા અલગ નથી. જેમ સ્ફટિકમાં લાલિમા થઈ તો તે સ્ફટિકનો ધર્મ છે. તે પર્યાય, લાલ ફૂલને કારણે થઈ નથી. કારણ કે ફૂલનો ધર્મ તો તેની પર્યાયમાં છે અને સ્ફટિકની પર્યાય સ્ફટિકનો અંશ છે, તે સ્ફટિકની પર્યાયમાં ફૂલનો અભાવ છે.

લોકાલોકના પદાર્થ કેવળજ્ઞાનમાં નિમિત્ત છે પણ તે લોકાલોકની ઝલક કેવળજ્ઞાનમાં પડતી નથી; જ્ઞાન પોતે પોતાના તેવા સ્વપરપ્રકાશક પર્યાયરૂપથી

**ધ્યાનનાથ ધ્યાયક બલવેદી, ઘટાતીત ઘટહર ઘટભેદી,**
**ઉદયરૂપ ઉદ્ધત ઉતસાહી, કલુષહરણહર કિલ્વિષદાહી. ૫૫**

પરિણમેલો છે. નિમિત્ત તો પર એટલે કે અલગ વસ્તુ છે, તે જ્ઞાનમાં નથી આવતો પણ જ્ઞાનનું સામર્થ્ય બતાવવા માટે ઉપચારથી એમ કહેવામાં આવે છે કે જાણે કે જ્ઞાનમાં સમસ્ત પદાર્થ ઊંડા ઉતરી ગયા હોય, જ્ઞાનમાં ચિત્રિત થઈ ગયા હોય, પરંતુ કોઈપણ પરપદાર્થ જ્ઞાનમાં પ્રવેશી શકતું નથી. જ્ઞાન પોતાના પરિપૂર્ણ સ્વભાવસામર્થ્યરૂપ પરિણમિત થઈ રહ્યું છે, આ બતાવવા માટે તે કથન નિમિત્ત સાપેક્ષ છે. હકીકતમાં તો જે જ્ઞાનપર્યાય થઈ, તે આત્માનો ધર્મ છે અને આત્મા ધર્મી છે.

દ્રવ્ય અને પર્યાયમાં ધર્મ-ધર્મીની વિવક્ષાથી ભેદ કહેવામાં આવે છે અર્થાત્ દ્રવ્ય, ધર્મી છે અને પર્યાય તેનો ધર્મ છે પરંતુ દ્રવ્ય અને પર્યાય બંને સર્વથા ભિન્ન-ભિન્ન નથી, વસ્તુ સ્વરૂપે બંને અખંડ છે. જુઓ તો ખરા આ ભાવના ! આમાં સ્વભાવની દૃષ્ટિ રાખીને વસ્તુસ્વરૂપની સ્વતંત્રતા બતાવવામાં આવી છે. દ્રવ્યદૃષ્ટિને ક્યાંય પડતી મૂકી નથી અને પર્યાયની પરાધિનતા ક્યાંય દેખાડી નથી. મારી પર્યાય પરને કારણે થાય છે—એમ માનવાવાળાએ પર્યાયને વસ્તુનો ધર્મ માન્યો નથી. પણ દ્રવ્ય અને પર્યાયને તદ્દન અલગ માન્યા છે. તેને વસ્તુના બેભાનથી વિકારભાવ થયો છે, તે પણ આત્માનો ધર્મ છે. વિષરૂપ પર્યાય થઈ તે પણ પરમાણુ દ્રવ્યનો ધર્મ છે. અહીં તે ધર્મ, સુખના કારણરૂપ નથી પણ વસ્તુનો અંશ હોવાથી પર્યાય, વસ્તુનો ધર્મ છે. જડની પર્યાય, જડનો ધર્મ છે અને આત્માની પર્યાય, આત્માનો ધર્મ છે. વિકારીપર્યાય હોય કે નિર્મળપર્યાય હોય, તે બંને આત્માના ધર્મ છે.

શ્રુતજ્ઞાનના પર્યાયજ્ઞાન, પર્યાયસમાસજ્ઞાનઆદિ વીસ ભેદ છે. તેમાં પર્યાયજ્ઞાન બધાથી જઘન્યજ્ઞાન થાય છે, તે પણ જીવનો તે સમયનો ધર્મ છે. સૂક્ષ્મ નિગોદિયા, લબ્ધઅપર્યાપ્તક જીવને પોતાને યોગ્ય જેટલા ભવ સંભવ છે તેટલા એટલે કે છ હજાર બાર ભવમાં ભ્રમણ કરીને અંતિમ અપર્યાપ્તક શરીરને ત્રણ મોડપૂર્વક ધારણ કરે, તેમાં પહેલા સમયમાં જે સૌથી જઘન્ય શ્રુતજ્ઞાનનો વિકાસ થાય છે, તેનું નામ પર્યાયજ્ઞાન છે. આટલું જ્ઞાન તો હમેશા રહે જ છે. તેમાં ક્યારેય આવરણ હોતું નથી. માટે તેને નિત્યોદ્‌ઘાટ કહે છે. જો આટલા જ્ઞાનનો પણ અભાવ થઈ જાય તો જીવ, અચેતન થઈ જાય. આ તો સર્વાધિક અલ્પજ્ઞાન છે, તે પણ જીવની પોતાની પર્યાયનો સ્વભાવ છે; માટે તે પણ જીવનો ધર્મ છે. આ પર્યાયજ્ઞાન એક સમય જ રહે છે, બીજા સમયે તે રહેતો નથી. આ જ્ઞાન કોઈ ત્રિકાળરૂપ નથી.

**વીતરાગબુદ્ધિ સુવિચારી, ચન્દ્રોપમ વિતન્દ્ર વ્યવહારી;**
**અગતિરૂપ ગતિરૂપ વિધાતા, શિવવિલાસ શુચિમય સુખદાતા. ૫૬**

નિયમસારમાં આ પર્યાયજ્ઞાનને કારણસ્વભાવજ્ઞાન નથી કહ્યો. કારણસ્વભાવજ્ઞાન તો ત્રિકાળ પારિણામિકભાવરૂપ છે અને આ પર્યાયજ્ઞાન તો એક સમયમાત્રનો છે તથા ક્ષયોપશમભાવરૂપ છે.

દરેક સમયે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે, તે જ્ઞાનનો પોતાનો ધર્મ છે, ઇચ્છા થાય છે અને શરીર ચાલે છે, ત્યાં શરીરનું ચાલવું, આત્માનો ધર્મ નથી; શરીરનું ચાલવું, ભાષા થવી—આ પરમાણુની પર્યાય છે, પરમાણુનો ધર્મ છે; આત્માના કારણે એ પર્યાય થઈ નથી. ઇચ્છા થવી આત્માની પર્યાય છે, માટે તે આત્માનો ધર્મ છે. આ પ્રમાણે જ્ઞાનાવરણીયકર્મ અને જ્ઞાનની હીનતા પણ ભિન્ન-ભિન્ન છે. જ્ઞાનાવરણીયકર્મ તો અચેતન પુદ્ગલનો ધર્મ છે; જીવના જ્ઞાનને રોકે—એવો તેનો ધર્મ નથી કારણ કે તે તો જ્ઞાનથી ભિન્ન છે અને જ્ઞાન આવરણયુક્ત થયું તે જ્ઞાનનો પોતાનો ધર્મ છે. તે પર્યાય પણ આત્મા સાથે અભેદ છે અને કર્મની પર્યાય, પુદ્ગલ સાથે અભેદ છે. આ પ્રમાણે દરેક વસ્તુને પોત-પોતાની પર્યાયની સાથે એકત્વ છે અને પરથી ભિન્નત્વ છે.

જે જીવ, આ વસ્તુસ્વરૂપને નથી જાણતો અને જેનો આ અભિપ્રાય છે કે પર્યાય પરથી થાય છે, તે જીવ, નૈયાયિક ઇત્યાદિ મતવાળાના સમાન છે. ધર્મ અને ધર્મી અભેદ છે—એમ સમજવાવાળાને અભેદવસ્તુની દૃષ્ટિ થઈને રાગનો અભાવ થયા વગર રહે નહીં. આવી વસ્તુદૃષ્ટિને પ્રગટ કરવા માટે ભગવાન સર્વપ્રથમ ધર્મ એટલે કે સમ્યગ્દર્શન કહે છે. (ક્રમશઃ) ❋

## કોણ પ્રશંસનીય છે ?

આ જગતમાં જે આત્મા નિર્મળ સમ્યગ્દર્શનમાં પોતાની બુદ્ધિ નિશ્ચળ રાખે છે તે, કદાચિત્ પૂર્વના પાપકર્મના ઉદયથી દુઃખિત પણ હોય અને એકલો પણ હોય તોપણ, ખરેખર પ્રશંસનીય છે. અને એથી ઊલટું, જે જીવ અત્યંત આનંદને દેનાર એવા સમ્યગ્દર્શનાદિ રત્નત્રયથી બાહ્ય છે અને મિથ્યામાર્ગમાં સ્થિત છે એવા મિથ્યાદૃષ્ટિ મનુષ્યો ભલે ઘણા હોય અને વર્તમાનમાં શુભ કર્મના ઉદયથી પ્રસન્ન હોય તોપણ તેઓ પ્રશંસનીય નથી. માટે ભવ્યજીવોએ સમ્યગ્દર્શન ધારણ કરવાનો નિરંતર પ્રયત્ન કરવો જોઈએ. —પદ્મનંદિ પંચવિંશતિકા, દેશવ્રતોદ્યોતન, અધિકાર, ગાથા-૨

પરમપવિત્ર અસંખ્યપ્રદેશી, કરુણાસિંધુ અચિંત્ય અભેષી;
જગતસૂર નિર્મલ ઉપયોગી, ભદ્રરૂપ ભગવન્ત અભોગી. ૫૭

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૭, ગાથા - ૨૦-૨૧)

**સ્વસંવેદન દ્વારા આત્માને પ્રત્યક્ષ કર**

મહાવીર ભગવાનનો જન્મ દિવસ કેમ ઉજવાય છે ?–કે મહાવીર પ્રભુએ પોતાના આત્માનું હિત કરીને જન્મ-મરણનો અંત કર્યો છે તેથી એમનો જન્મ ધન્ય છે માટે ઉજવાય છે.

જેમ લીંડીપીપરની કાળાશની પાછળ પૂરી તીખાશ અને લીલો રંગ પડ્યો છે તેમ આ દેહ, કર્મ, ક્રોધ, માન, માયા, લોભ આદિના વિકારની પાછળ આખો સત્ ચિદાનંદ પ્રભુ અનંતી શક્તિ સહિત બિરાજમાન છે. તેને જેણે પ્રગટ કર્યો છે એવા મહાવીર પરમાત્માની આ જન્મજયંતી ઉજવાય છે.

આજે પરિવર્તનનો પણ દિવસ છે. ચૈત્ર સુદ તેરસને મંગળવારે મધ્યાહ્ને ૧॥ વાગ્યે પરિવર્તન કર્યું છે.

મનુષ્યજન્મની સફળતા તો આત્માનું ભાન કરવાથી છે. ૨૫-૫૦ લાખ રૂપિયા મળવાથી જીવનની સફળતા નથી. પૈસા તો સોજા છે, સાચું શરીર નથી. અહીં શ્લોક પણ એવો આવ્યો છે કે જેના હાથે અમૂલ્ય ચિંતામણિરત્ન આવ્યું છે, એ સડેલા ખોળનો ટુકડો માગે કે મોટા મહેલ માગે ? કરોડ ને અબજોના મહેલ જ માગે. તેમ જેની દૃષ્ટિમાં પોતાનો સત્ ચિદાનંદ-પ્રભુ ચિંતામણિ પ્રાપ્ત થયો-તેમાં એકાગ્ર થયો તે જીવ આત્માની શાંતિ આગળ સડેલા ખોળના ટુકડા જેવા સ્વર્ગના વૈભવોની ઈચ્છા કેમ રાખે ? એને તો આત્માની અપૂર્વ શાંતિ આગળ સ્વર્ગના વૈભવોની કાંઈ જ કિંમત નથી.

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગરની અમૂર્તિક એક વસ્તુ આત્મા છે ને ! તો એ વસ્તુ અનાદિઅનંત શાશ્વત છે. આ આત્માએ અજ્ઞાનવશ અનંત ભવ કર્યા. સ્વર્ગ, નરકાદિના અનંતા ભવ કર્યા અને અનંત દુઃખ વેઠ્યાં. અનંત ભવોમાં એને શું નથી મળ્યું ? એક શુદ્ધ આત્મા સિવાય બધુ જ મળી ચૂક્યું છે એમાં હવે જો આત્માનું ભાન કરે તો જાણે અમૂલ્ય ચિંતામણિ મળ્યો ! આનંદનો-શાંતિનો સાગર મળ્યો.

પુણ્યનો ઉદય હોય તેને લીંબુમાંથી પણ મહા કિંમતી માણેક મળે. પણ તેથી

**ભાનોપમ ભરતા ભવનાસી, દ્વન્દવિદારણ બોધવિલાસી;**
**કૌતુકનિધિ કુશલી કલ્યાણી, ગુરુ ગુસૉંઈ ગુણમય જ્ઞાની. ૫૮**

આત્માને શું લાભ? એક શેઠે માણેક કાઢીને પટેલને બતાવ્યું, પટેલ! આ મોતી બહુ પાણીદાર છે. પાણીના દરિયા ભર્યા છે. પટેલ કહે શેઠ! મારી પછેડીનો છેડો પલળે તો માનું કે મોતીમાં પાણી છે. અરે પટેલ! એ મોતીના પાણી, એની ચમક—તેજ એનો પ્રકાશ પછેડીએ ન પરખાય એ તો નજરથી પરખાય. તેમ આ ભગવાન આત્મા અનંતી શાંતિ-આનંદઆદિ અનંત ગુણોનો દરિયો છે. તેનું પારખું નજરથી થાય. અનંત દષ્ટિ કરવાથી આત્મરતનનું પારખું થાય. બહારની ક્રિયા કરવાથી કે મંદરાગથી આત્માનું પારખું ન થાય ભાઈ!

અહીં ૨૧મા શ્લોકમાં કહે છે કે સ્વસંવેદનથી આત્મા ઓળખાય છે.

स्वसंवेदनसुव्यक्तस्तनुमात्रो निरत्ययः ।
अत्यन्तसौख्यवानात्मा लोकालोकविलोकनः ।।२१।।

નિજ અનુભવથી પ્રગટ જે, નિત્ય શરીર પ્રમાણ,
લોકાલોક વિલોકતો આત્મા અતિ સુખવાન. ૨૧.

આ બ્રહ્માંડના—આકાશના બે ભેદ છે, લોક અને અલોક. અસંખ્ય યોજનની અંદર જ લોક છે જેમાં જડ ચૈતન્યનો વાસ છે, બાકી ખાલી જગ્યા કે જેનો પાર નથી એવા અપાર આકાશને પણ આત્મા એક સમયમાં જાણી લે છે. એક સમયમાં લોકાલોકને જાણી લે એવી અનંતી શક્તિવાળા આત્માને કેવી રીતે જાણવો?—કે સ્વસંવેદનથી આત્માને જાણવો. અહીં તો આત્માની વાત છે. કેટલાકને એમ થાય કે મહારાજ પાસે પૈસા બહુ લાગે છે અને મહારાજના ભક્તો પણ પૈસાવાળા છે પણ ભાઈ! અમારી પાસે પૈસા કેવા? અમારી પાસે તો આત્મા છે.

વાણીમાં જેની મહિમા ગાઈ ન શકાય એવી વચનાતીત મહિમાનો ધારી આત્મા પોતાને માટે વ્યક્ત જ છે. યોગીજનોએ પોતાના આત્માને સુવ્યક્ત જોયો છે. અરે! ઘી જેવી મામૂલી વસ્તુના સ્વાદને કોઈ ઉપમા કહી નથી શકાયો, તો પછી આત્મા જેવી ઉત્તમ વસ્તુને શેની ઉપમા અપાય? એ અનુપમ વસ્તુને કોઈની ઉપમા આપીને સમજાવી શકાતી નથી પણ અનુભવથી ગમે તે વ્યક્તિ જાણી શકે છે, કેમકે તે સુવ્યક્ત છે. તેથી શ્લોકમાં શબ્દ વાપર્યો છે સ્વસંવેદનસુવ્યક્ત સુવ્યક્ત પ્રભુ! તારું સ્વરૂપ પ્રમાણસિદ્ધ છે, ન જાણી શકાય તેવું નથી.

**નિરાતંક નિરવૈર નિરાસી, મેધાતીત મોક્ષપદવાસી;**
**મહાવિચિત્ર મહારસભોગી, ભ્રમભંજન ભગવાન અરોગી. ૫૯**

ભાઈ ! આ દેહરૂપી માટીના પિંડમાં વિલાસ કરતા આત્માનું સુવ્યક્તપણું ક્યારે થાય ? કે આ જાણી રહ્યો છે તે ચૈતન્ય છે, જ્ઞાનનો અંશ છે તે ચૈતન્યનો છે—એમ અંતરમાં સ્વસંવેદન થતાં આત્મા પ્રગટ...પ્રગટ...પ્રગટ જાણવામાં આવે છે, અનુભવમાં આવે છે, દેહ, મન, રાગ, વિકલ્પ, વાણી આદિથી પાર એવો આત્મા પ્રગટ અનુભવમાં આવે એવો એ પ્રમાણસિદ્ધ આત્મા છે. ભાઈ ! પરદ્રવ્યને તો જીવ ભોગવી શકતો જ નથી. પૈસો ખૂબ હોય પણ તેને પૈસાવાળો ભોગવી શકતો નથી. પણ પૈસાના રાગને ભોગવીને તેમાં આનંદ માને છે કે મૈં પૈસો ભોગવ્યો. આવી જીવની મૂઢતા છે. આવી મૂઢતા તો તું અનાદિથી કરતો આવ્યો છો. ભાઈ, મનુષ્યભવમાં તેં નવું શું કર્યું ? અહીં તો કહે છે કે તું તારા આત્માનું સ્વસંવેદન કર ! તે તારી અપૂર્વદશા છે, તે નવીનતા છે.

પરમાત્મા મહાવીરપ્રભુએ જીવને સ્વસંવેદન કરવાનો આ ઈષ્ટ ઉપદેશ આપ્યો છે પણ દેવ કે ગુરુ કાંઈ તેને સ્વસંવેદન કરાવી આપે એમ તો ન બની શકે. પોતે કરે તો થાય. જીવને નવરાશ ક્યાં છે ? કામ ઘણાં રહ્યાં ને ! પ્રભુ કહે છે કે ભાઈ ! તું મારી નાતનો છો. મારી અને તારી જાતમાં ફેર નથી. શક્તિ-વ્યક્તિનો ફેર છે. મેં પ્રગટ કર્યું અને તેં નથી કર્યું. બાકી મારા કરતાં તારામાં કાંઈ ઊણપ છે એમ તું માન તો તને તારા આત્માની જ ખબર નથી. ભાઈ ! તને તારી સંસારની મોજમજા પ્રત્યક્ષ જણાય છે પણ એને જાણનારો તું પોતે તને નથી જણાતો, એનો પ્રશ્ન તને કેમ ઊઠતો નથી ? એકવાર તો પ્રશ્ન ઊઠાવ ! પુરુષાર્થ કર ! તને આત્માની શાંતિ અવશ્ય પ્રગટ થશે.

અનંત...અનંત...અનંત આકાશ કે જેનો ક્યાંય પાર નથી એવા આકાશને પણ આ ભગવાન આત્મા એક સમયમાં જાણી લેવાની શક્તિવાળો છે. કોઈનું કોઈ આત્મા કરી ન દે પણ જાણે બધાંને.

અરીસામાં જેમ બધું દેખાય છે તેમ આ ચૈતન્ય અરીસામાં આખું જગત અને અલોક બધું એકી સાથે જાણવાની શક્તિ છે. આવી આ ચૈતન્યજ્યોતને જ્યાં સુધી પોતે સ્વસંવેદનમાં નહિ લે ત્યાં સુધી ચાર ગતિના ભ્રમણનો અંત નહિ આવે. આ જ્ઞાનાનંદ આત્મા અનંત સૌખ્યવાન છે ભાઈ ! તેનો વિશ્વાસ લાવ, તારામાં જેવો આનંદ છે તેવો આનંદ આખા જગતમાં, અરે ! ઈન્દ્રના ઈન્દ્રાસનમાં પણ ક્યાંય નથી. જેનો સ્વતઃસ્વભાવ જ સુખ અને આનંદ સ્વરૂપ છે પછી એની હદ શું હોય ! સ્વભાવની મર્યાદા શી ! આવા અમર્યાદ સ્વભાવસુખના ધણી એવા આત્માની અનંતકાળથી તેં દરકાર કરી નથી અને

કલ્મષભંજન કેવલદાતા ધારાધરન ધરાપતિ ધાતા;<br>
પ્રજ્ઞાધિપતિ પરમ ચારિત્રી, પરમતત્ત્વવિત્ પરમવિચિત્રી. ૬૦

દેહની દરકાર કરતો આવ્યો છો પણ એ દેહ તો પ્રત્યક્ષ ભિન્ન છે, એ તારી સાથે નહિ આવે. તારી સાથે તો તારી ભૂલ આવશે, તે તને નડશે. માટે તું પહેલાં જ ભૂલ ભાંગવાનો પ્રયત્ન કર ! સ્વસંવેદન એ એક જ ભૂલ ભાંગવવાનો ઉપાય છે તેને પ્રગટ કર.

સ્વસંવેદનથી આત્માને પ્રત્યક્ષ કર તો તારા જન્મ-મરણનો અંત આવી જશે ભાઈ ! તું જડનું ધણીપણું કરવાનું હવે છોડી દે. જડમાં જરા પણ ફેરફાર કરવાની શક્તિ તારામાં નથી માટે તું જડનો અધિકારી ન થા ! સ્વસંવેદનમાં આત્માને પ્રગટ કરવો એ તારો અધિકાર છે તેને પ્રગટ કર ને ! તારો જે અધિકાર છે તેને તું હાથમાં લેતો નથી અને જડનો અધિકારી થવા જાય છે તે તારી મૂર્ખાઈ છે. હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.

જેમ કાચા ચણાને શેકવાથી સ્વાદ મીઠો આવે અને તે વાવો તો ઊગે નહિ. તેમ આત્માનું ભાન થયે જન્મ-મરણના અંકુરા નાશ થાય ને આત્માના આનંદનો સ્વાદ આવે અને જન્મ-મરણ કરે નહિ—એવા આત્માને ભગવાન સર્વજ્ઞ કહે છે તેમ ઓળખવો, વિચારવો મનન કરવો ને વારંવાર સત્ સમાગમ ધારણ કરવો એ મનુષ્યપણાના સફળપણાનું કર્તવ્ય છે. (ક્રમશઃ) ❊

---


(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ) (સમયસાર પ્રવચન)

ભિન્ન રહે છે એટલે તે તરતું છે. જ્ઞાન રાગમાં તન્મય થઈને ડુબી જતું નથી પણ રાગથી છૂટું ને છૂટું, તરતું ને તરતું જ રહે છે. રાગથી ભિન્ન આત્માની અનુભૂતિ વખતે જ આત્મા સાચા સ્વરૂપે દેખાય છે—શ્રદ્ધાય છે અને જણાય છે.—આ રીતે અનુભૂતિસ્વરૂપ થયેલો આત્મા જ પોતે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે; તેમજ અનંતગુણનો સ્વાદ એમાં સમાય છે.

શ્રુતજ્ઞાનમાં આકુળતા નથી. પણ વિકલ્પમાં આકુળતા હતી. જ્યાં શ્રુતજ્ઞાન વિકલ્પથી પાર થઈને અંતરમાં વળ્યું ત્યાં નિર્વિકલ્પ આનંદનું વેદન થયું. અનુભવની આ રીત છે, સૌથી પહેલાં હિતનો માર્ગ આ છે. આવા અનુભવ વગર બીજા કોઈના અવલંબને આત્માનું હિત થતું નથી. તારું કાર્ય સ્વાધીનપણે તારાથી થાય છે. સંતોએ તેની રીત બતાવી છે પણ તે કરવું તારા હાથમાં છે. જેણે અંતર્મુખ થઈને આત્માનો અનુભવ કર્યો તે જીવ હિતના પંથે ચડ્યો, તે જીવ કેવળજ્ઞાન અને સિદ્ધપદને પાત્ર થયો.... અને તે જ 'સમયસાર' છે. (ક્રમશઃ) ❊




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



### મનુષ્યગતિનાં દુઃખોનું વર્ણન

ત્રણલોકમાં જીવને હિતરૂપ, સારરૂપ, મંગળરૂપ એવું વીતરાગ–વિજ્ઞાન, તે જ સુખનું કારણ છે; એના વગર મિથ્યાત્વને લીધે જીવ સંસારની ચારે ગતિમાં કેવાં દુઃખો ભોગવી રહ્યો છે તેનું આ વર્ણન ચાલે છે. જીવના પરિભ્રમણની કથા બતાવીને તેનાથી છૂટવાના માર્ગનો ઉપદેશ આપશે. તેમાં પ્રથમ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીનાં તિર્યંચોનું દુઃખ તથા નરકનું દુઃખ બતાવ્યું; હવે નરકમાંથી નીકળીને જીવ કાં તો તિર્યંચ થાય, અથવા મનુષ્ય થાય; મનુષ્ય થાય તો મનુષ્યપણામાં પણ કેવા–કેવા દુઃખ હોય છે ? તે હવે બતાવે છે—

जननी उदर वस्यो नव मास, अंग संकुचतैं पायो त्रास।
निकसत जो दुःख पाये घोर, तिनको कहत न आवे ओर ।।१३।।




સંસારભ્રમણમાં જીવને મનુષ્યપણું ક્યારેક જ મળે છે. ચાર ગતિના ભવોમાં સૌથી ઓછા ભવ મનુષ્યના કર્યા છે. નરક અને તિર્યંચના દુઃખો ભોગવી–ભોગવીને માંડ માંડ ક્યારેક મનુષ્ય થયો, તો સૌથી પહેલાં તો નવમાસ સુધી માતાના ઉદરમાં પૂરાઈને અત્યંત સંકોચાઈને રહ્યો. છૂટથી હાલીચાલી શકે નહિ–એમ ચારેકોરથી ભીંસાઈને નવમાસ સુધી ગર્ભની જેલમાં પુરાયો. અરે, કોઈક તો નવમાસથી પણ વધુ ઘણો લાંબો કાળ ગર્ભમાં રહે છે ને માતા–પુત્ર બંને મહા ત્રાસ પામે છે. કોઈ જીવ તો ગર્ભમાં ને ગર્ભમાં મરી જાય, ને ફરી પાછો તેમાં જ ઊપજે. ઘણા જીવો મનુષ્યઅવતાર પામ્યા છતાં માતાના પેટમાં મરી જઈને મનુષ્યભવ પૂરો કરી નાંખે છે. અરે, જેલની ઓરડીમાં મહિનો પૂરાવું પડે તોપણ કેવો ત્રાસ લાગે છે ! તો માતાના ગર્ભરૂપી

સંગાતીત સંગપરિહારી, એક અનેક અનન્તાચારી;
ઉધમરૂપી ઊરધગામી, વિશ્વરૂપ વિજયી વિશ્રામી. ૬૧

અત્યંત સાંકડી જેલમાં પૂરાઈને નવ–નવ માસ સુધી ઊંધે માથે જે ત્રાસ ભોગવ્યા—તેની શી વાત! બે કલાક એકને એક ઠેકાણે સંકોચાઈને બેસતાં પણ અકળાઈ જવાય છે તો પેટની અંદર નવ મહિના રહીને કેટલી અકળામણ ભોગવી હશે! નવ માસ એટલો બધો સંકોચાઈને રહ્યો તે તો ભૂલી ગયો ને હવે બહાર આવીને મોટા બંગલા પણ એને ટૂંકા પડે છે!–તેમાં સંતોષ થતો નથી. પોતાના સ્વભાવની જે અધિકતા છે તેને ન જાણી એટલે બહારથી બંગલા વગેરેથી પોતાની મોટાઈ માને છે. બીજાના બંગલા–મોટર વગેરે દેખીને જાણે કે એ બધા વધી ગયા ને હું રહી ગયો! અરે ભાઈ! તારી સાચી અધિકતા તો જ્ઞાનથી છે. બહારના વૈભવવડે તારી કાંઈ મોટાઈ નથી.—

'જીતી ઈન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને.'

આત્મા જ્ઞાનસ્વભાવી છે—એ જ એની સર્વેથી અધિકતા છે; એવા જ્ઞાનસ્વભાવને જે જાણે છે તે જ આત્મા મોટો છે. બાકી તો બધા બહારની મોટાઈના ભ્રમમાં દુઃખી દુઃખી થઈ રહ્યા છે.

આત્મા અનંત ગુણથી ભરેલ ગુણી છે; અનંત ગુણરત્નોની તે ખાણ છે. એની મોટાઈની શી વાત!–ચક્રવર્તીપણું કે ઈન્દ્રપણું તો જેની પાસે કાંઈ હિસાબમાં નથી, એ તો જેના ગુણની રાખનું (એટલે કે વિકારનું) ફળ છે. આવા મહાન અનંતગુણસમ્પન્ન આત્માને દુઃખનાં વેદન શોભતા નથી. અરે, ચૈતન્યના દુઃખની કથા કહેવી પડે–તે શરમ છે. એ તો સુખનું ધામ છે, પોતાના ચૈતન્યસ્વરૂપની કિંમત તેણે ન જાણી, દેહથી ભિન્ન નિજસ્વરૂપને ન જાણ્યું, ને દેહમાં મોહ્યો તેથી ચારગતિમાં દેહ બદલી–બદલીને મોહથી દુઃખી થાય છે. દુઃખ તો રાગ-દ્વેષ-મોહનું જ છે, પણ નિમિત્તરૂપ સંયોગથી તેનું કથન કર્યું છે, કેમકે લોકોને સંયોગ દેખાય છે.

અહીં ગર્ભ–જન્મ સંબંધી જે દુઃખો કહ્યાં—એવાં દુઃખો તીર્થંકરને થતાં નથી; માતાના ગર્ભમાં હોય તે વખતે પણ તેમને કષ્ટ થતું નથી; એ તો આરાધક લોકોત્તર આત્મા છે; માતાના પેટમાં છે તે વખતેય દેહથી ભિન્ન આત્માનું એને ભાન વર્તે છે. અહીં તો જેને દેહબુદ્ધિ છે એવા અજ્ઞાનીનાં દુઃખોની કથા ચાલે છે. જ્ઞાની થયો તે તો સુખના પંથે ચાલ્યો, એટલે તે તો આ દુઃખોમાંથી બહાર નીકળી ગયો. (ક્રમશઃ)

*

ધર્મવિનાયક ધર્મધ્રુજ, ધર્મરૂપ ધર્મજ્ઞ;
રત્નગર્ભ રાધારમણ, રસનાતીત રસજ્ઞ. ૬૨



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

(૨૫) આ સાધ્ય-સાધકનો અધિકાર છે. આત્મામાં આનંદનો અનુભવ થવો તે ધર્મ છે. જ્ઞાનાનંદ આત્મામાં એકાગ્રતા થવી તે ધ્યાન સાધન છે ને તેનાથી કર્મ ખરે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ રાગદ્વેષ વિનાનો છે. તે તરફ વલણ થતાં—એકાગ્ર થતાં ધ્યાન થાય છે. તેનું ફળ કર્મનું છૂટવું તે છે. માટે ધ્યાન સાધક છે ને કર્મ ખરવા સાધ્ય છે.

(૨૬) આત્મામાંથી કર્મ ખરી જાય એટલે આત્મા મુક્તદશાને પામે તે તેનું ફળ છે. માટે કર્મ ખરવા સાધક છે ને મોક્ષ થવો સાધ્ય છે.

(૨૭) "રાગ-દ્વેષ-મોહનો અભાવ સાધક છે ને સંસાર અભાવ સાધ્ય છે." આત્માની વર્તમાન અવસ્થા વિષે રાગ-દ્વેષ ને પરમાં સાવધાનીનો અભાવ કરવો સાધક છે. સ્વરૂપની એકાગ્રતા કરતાં મોહ-રાગ-દ્વેષનો અભાવ થાય છે. તેના ફળમાં સંસારના અભાવનું પરિણામ આવે છે. પણ પુણ્યફળની પ્રાપ્તિ હોતી નથી. આત્મા જ્ઞાનાનંદ છે. તેવી અંતર્મુખની દૃષ્ટિ વડે સંસારનો અભાવ થાય છે.

(૨૮) "ધર્મ સાધક છે, પરમપદ સાધ્ય છે" લોકો ધર્મ કહે છે તે ધર્મ શું છે? સ્વસન્મુખતા દ્વારા આત્માની દશામાં પુણ્ય-પાપ વિકારનો અભાવ થવો તે ધર્મ છે. ચિદાનંદ સ્વભાવની રુચિ કરી તેમાં એકાગ્ર થવું તે સાધન છે, તેનાથી પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. ધર્મથી લક્ષ્મી મળતી નથી. જેટલા સંયોગોની પ્રાપ્તિ થાય તે ધર્મનું ફળ નથી પણ વિકારનું ફળ છે. ધર્મ કરતાં પરમપદની પ્રાપ્તિ થાય છે. શુભરાગ કાંઈ મોક્ષમાર્ગરૂપ ધર્મ નથી પણ નિમિત્ત ગણી રૂઢિથી ઉપચારથી ધર્મ કહેવાય છે.

(૨૯) "સ્વવિચાર પ્રતીતિરૂપ સાધક છે ને અનાકુળભાવ સાધ્ય છે." પોતે સ્વવિચાર પ્રતીતિ કરે છે. આત્મા અનંત-આનંદ ને સ્વવિચાર જ્ઞાનની મૂર્તિ છે. એવા સ્વભાવનો વિચાર કરવો. આત્મા જ્ઞાનની મૂર્તિ છે, શુદ્ધ જ છે, નિર્મળાનંદ છે. આત્માના સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન ને સ્થિરતાનો વિચાર સાધક છે ને તેનું ફળ અનાકુળભાવ છે.

**પરમપ્રદીપ પરમપદદાની, પરમપ્રતીતિ પરમરસજ્ઞાની;**
**પરમજ્યોતિ અઘહરન અગેહી, અજિત અખંડ અનંત અદેહી. ૬૩**

તેનું ફળ રાજ્ય કે દેવપદ કે તીર્થંકરપદ નથી.

(૩૦) ''સમાધિ સાધક છે. નિજ શુદ્ધ સ્વરૂપ સાધ્ય છે.'' આધિ=સંકલ્પ-વિકલ્પ, વ્યાધિ=શરીરના રોગ, ઉપાધિ=સંયોગ—એમ ત્રણેનું લક્ષ છોડી જ્ઞાનસ્વભાવમાં સમતાભાવ કરવો તે સમાધિ છે. તે સમાધિ સાધક છે ને તેના ફળમાં નિજ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. લાલ-પીળા દેખાય તે સમાધિ નથી. પોતાની નિર્મળતા સાથે અખંડ આનંદનું વેદન થાય તે સમકિતનું ફળ છે.

(૩૧) ''સ્યાદ્વાદ સાધક છે ને યથાર્થ પદાર્થની સાધના સાધ્ય છે.'' અપેક્ષાએ જાણવું તે સાધક છે. આત્મા વસ્તુએ નિત્ય છે ને પર્યાયે અનિત્ય છે. વસ્તુ એક છે ને ગુણો અનંત છે. વસ્તુએ સામાન્ય છે ને પર્યાયે વિશેષ છે—એમ સ્યાદ્વાદથી વસ્તુ સિદ્ધ કરવી. સ્યાદ્વાદનો અર્થ અહીં એકલી વાણીની વાત નથી. સંસારમાં અમુક ગુણની પર્યાય અશુદ્ધ છે પણ શક્તિ શુદ્ધ છે. સ્યાદ્વાદ વસ્તુ સાબિત કરવા માટે સાધન છે, તેથી વીતરાગતા સિદ્ધ થાય છે. રાગમાં કર્મ નથી, કર્મમાં રાગ નથી. એક સમયના રાગમાં આખો આત્મા આવી જતો નથી. રાગ મૂળ સ્વભાવમાં આવી જતો નથી. એમ યથાર્થ પદાર્થ નક્કી કરવો તે ફળ છે ને તેથી વીતરાગતા પ્રાપ્ત થાય છે.

કોઈ વખતે પરથી લાભ થાય ને કોઈ વખતે સ્વથી લાભ થાય એ સ્યાદ્વાદ નથી. પોતાથી લાભ થાય ને પરથી લાભ ન થાય એ અનેકાંત છે. એમ બંને વસ્તુ સાબિત કરે છે.

આત્મા દ્રવ્યે શુદ્ધ છે તે ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ કહેવાય છે.

આત્મા અશુદ્ધ છે, તે પર્યાય અપેક્ષાએ કહેવાય છે.

આવી રીતે અનેકાંત કહેનાર સ્યાદ્વાદ યથાર્થ પદાર્થની સાધના કરે છે.

(૩૨) ''ભલી ભાવના સાધક છે ને વિશુદ્ધ જ્ઞાનકળા સાધ્ય છે.'' ભલી ભાવના એટલે ભેદવિજ્ઞાનથી હું જ્ઞાનાનંદ છું, હું દ્રષ્ટા છું, ત્રિકાળી જ્ઞાનકળા પ્રગટ કરવાને હું સાધન છું—એમ નક્કી કરે તો તેમાંથી વિશુદ્ધ જ્ઞાનકળા પ્રગટે છે. (ક્રમશઃ)

**અતુલ અશેષ અરેષ અલેષી, અમન અવાચ અદેખ અભેષી;**
**અકુલ અગૂઢ અકાય અકર્મી, ગુણધર ગુણદાયક ગુણમર્મી. ૬૪**

## વૃદ્ધાવસ્થામાં વૈરાગ્યની વૃદ્ધિ

ઘડપણમાં શરીર કામ કરતું ન હોય, પ્રતિકૂળતા હોય, સેવા કરનાર કોઈ ન હોય...તોપણ બાપુ ! તમે ગભરાશો મા ! મારું કોઈ નથી એમ હતાશ થશો મા ! તમારા જીવનમાં ઉત્તમ સંસ્કારોની મૂડી તમારી પાસે જ છે. અંતિમ જીવનમાં તમારી ઉત્તમ ભાવનાઓ જ તમને શાંતિ આપનાર છે. માટે તેના ઉપર જ જોર આપો.

શરીરનું મમત્વ તો છોડવાનું છે. મમત્વ રાખવા જેવું શરીરમાં છે ય શું ? તો એવા શરીરની સેવા કરનાર કોઈ હો...ન હો, તેની શી ચિંતા ! આત્માની ચિંતા કરો કે જેથી તેનું ભવિષ્ય ઉત્તમ બને. જુવાનીમાં પણ જે ન થઈ શક્યું તે શૂરવીર થઈને અત્યારે કરી લ્યો. શૂરવીર આત્માની શૂરવીરતાને વૃદ્ધાવસ્થા કાંઈ ઢીલી કરી શકતી નથી.

હૃદયમાં જિનભક્તિ કરો...પંચપરમેષ્ઠીને યાદ કરો...મુનિપદની ભાવના કરો...શરીરની ક્ષણભંગુરતા અને આત્માની નિત્યતા વિચારીને વૈરાગ્યની ઉત્તમ ભાવનાઓ કરો...બસ, તમને કાંઈ દુઃખ નહિ રહે. અંદરમાં જિનભાવના છે તો બહારની પ્રતિકૂળતા શું કરી શકવાની છે ? માટે ખેદ છોડો....ને પ્રસન્નચિત્તે આત્માને સાધો.

હે મુમુક્ષુ ! જીવનમાં મહાવીર-શાસનને પામીને હવે તમે ખેદખિન્ન જીવન જીવશો નહિ, આનંદમય જીવન જીવજો. તમારા જીવનને આનંદમય બનાવવા જ સંતોનો ઉપદેશ જીવનમાં ઘણીવાર સાંભળ્યો છે...ઘણું વાંચ્યું છે ને ઘણું વિચાર્યું છે. અહા, આવા આનંદ સાધવાના અવસરમાં ખેદ શો ! મુમુક્ષુને તો નિજાનંદની પ્રાપ્તિના અવસરમાં પરમ ઉત્સાહ હોય.

અરે મુમુક્ષુ ! ભલે વૃદ્ધ થયા ...તોપણ તમે મુમુક્ષુ છો....શરીર ઢીલું થયું તેથી મુમુક્ષુપણાના ઉત્સાહને ઢીલો ન કરશો. યુવાની મટીને વૃદ્ધતા આવી તેથી કાંઈ તમે 'મુમુક્ષુ' મટી નથી ગયા. મોક્ષની જ જેને અભિલાષા છે એવા મુમુક્ષુને વળી ખેદ શેનો ? જગતમાં એવું તે શું દુઃખ છે કે તમારે ખેદ કરવો પડે ? તમારે તો અત્યારે આત્માને સાધવાનો મહા આનંદપ્રસંગ છે....તો પ્રસન્નચિત્તે આત્માને સાધવામાં લાગી જાઓ. ખેદ છોડો ! યાદ તો કરો, જીવનમાં તમને કેવા સરસ દેવ-ગુરુ મળ્યા છે ! કેવો સરસ માર્ગ મળ્યો છે ! અંદર કેવો સુંદર આત્મા બિરાજી રહ્યો છે ! જગતમાં આવો સરસ યોગ મળ્યો, પછી હવે ખેદ કરવાનું ક્યાં રહે છે ? ખેદની ટેવ છોડો....ને મહાન ઉલ્લાસથી, શાંતભાવે તમારા આનંદધામમાં જુઓ. તમારું જીવન અપૂર્વ ચેતનવંતુ બની જશે. ❊

## સાધકની સાધનાધાર

### વૈશાખ સુદ બીજ વિક્રમ સંવત ૧૯૪૬ (ઈ.સ. ૧૮૯૦)



પરમ પૂજ્ય અધ્યાત્મ સંત શ્રી કાનજીસ્વામીનો શુભ જન્મ વિ.સં. ૧૯૪૬ના વૈશાખ સુદ બીજને તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારના દિવસે સૌરાષ્ટ્રના નાનકડા ગામ ઉમરાળામાં સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં થયો હતો. માતા ઉજમબા અને પિતા મોતીચંદભાઈ ધાર્મિક પ્રકૃતિના હતા, તેથી તેમની અસર કાનજીસ્વામી ઉપર પણ છવાઈ ગઈ હતી. બાળવયમાં એક જ્યોતિષીએ કહ્યું હતું કે 'આ કોઈ મહાપુરુષ થશે એવો સ્પષ્ટ સંકેત તેનામાં દેખાઈ રહ્યો છે.' બાળપણથી જ તેઓશ્રીના મુખ પર વૈરાગ્યની સૌમ્યતા અને નેત્રોમાં બુદ્ધિનું તેજ દેખાતું. તેઓશ્રીએ ઉમરાળાની નિશાળમાં અભ્યાસ કર્યો હતો.


### ધંધામાં જોડાણ છતાં વૈરાગ્યની જાગૃતિ



નાની વયમાં જ માતાપિતા કાળધર્મ પામવાથી તેઓશ્રી આજીવિકા અર્થે તેમના મોટાભાઈ ખુશાલભાઈ સાથે પાલેજમાં ચાલુ દુકાનમાં જોડાયા.

પાલેજમાં તેઓશ્રી કોઈ કોઈ વખત નાટક જોવા જતા, પરંતુ અતિશય આશ્ચર્યની વાત તો એ છે કે નાટકમાંથી શૃંગારિક અસર થવાને બદલે કોઈ વૈરાગ્યપ્રેરક દૃશ્યની ઊંડી અસર તે મહાત્માને થતી અને તે કેટલાય દિવસ સુધી રહેતી. કોઈ કોઈ વખત તો નાટક જોઈને આવ્યા પછી આખી રાત વૈરાગ્યની ધૂન રહેતી. એકવાર રામલીલા જોયા પછી

'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ' એ લીટીથી શરૂ થતું કાવ્ય તેમણે બનાવ્યું હતું. સાંસારિક રસનાં પ્રબળ નિમિત્તોને પણ મહાન આત્માઓ વૈરાગ્યનાં નિમિત્ત બનાવે છે !



## વૈરાગ્ય અને દીક્ષા

આ રીતે પાલેજની દુકાનમાં વેપારનું કામકાજ કરવા છતાં તે મહાત્માનું મન વેપારમય કે સંસારમય થયું નહોતું. તેમનો અંતર્વ્યાપાર તો જુદો જ હતો. અંતર્વ્યાપારનાં અભિલાષી ગુરુદેવનું મન બાહ્ય વ્યાપારમાં ન રમ્યું. તેમના અંતરનો સ્વાભાવિત ઝોક હંમેશા ધર્મ અને સત્યની શોધ પ્રતિ જ રહેતો. ઉપાશ્રયે કોઈ સાધુ આવે કે તેઓ તે સાધુની સેવા તેમજ તેમની સાથે ધાર્મિક વાર્તાલાપ માટે દોડી જતા. તેમનું ધાર્મિક જીવન અને સરળ અંતઃકરણ જોઈને તેમનાં સંબંધીઓ તેમને 'ભગત' કહેતાં. જ્યારે તેમની સામે લગ્નપ્રસ્તાવ મુકવામાં આવ્યો ત્યારે તેમણે સાફ-સાફ કહી દીધું કે 'મારે તો દીક્ષા લેવાના ભાવ છે. હું લગ્ન કરવા નથી માંગતો.' ખુશાલભાઈએ તેમને ઘણું સમજાવ્યા કે--'ભાઈ, તારે દુકાનમાં ન બેસવું હોય તો ન બેસ, ભલે તું આખો દિવસ ધાર્મિક વાંચનમાં તે સાધુઓના સંગમાં રહે, પણ દીક્ષાની વાત ન કર.' આમ ઘણું સમજાવવા છતાં તે મહાત્માના વૈરાગી ચિત્તને સંસારમાં રહેવાનું પસંદ પડ્યું નહિ. આખરે બોટાદ સંપ્રદાયના હીરાચંદજી મહારાજના હાથે દીક્ષા લેવાનું નક્કી થયું અને સં. ૧૯૭૦ના માગશર સુદ ૯ને રવિવાર, તા. ૭-૧૨-૧૯૧૩ને દિવસે ઉમરાળામાં મોટી ધામધુમથી દીક્ષા મહોત્સવ થયો.

## શાસ્ત્રાભ્યાસ અને પુરુષાર્થ-જીવનમંત્ર

દીક્ષા લઈને તુરત જ ગુરુદેવશ્રીએ શ્વેતામ્બર શાસ્ત્રોનો સખત અભ્યાસ કરવા માંડ્યો; તે એટલે સુધી કે આહારાદિ શારીરિક આવશ્યકતાઓમાં વખત જતો તે પણ તેમને ખટકતો. લગભગ આખો દિવસ ઉપાશ્રયના કોઈ એકાંત ભાગમાં અભ્યાસ કરતા તેઓ જોવામાં આવતા. ચારેક વર્ષમાં લગભગ બધા શ્વેતામ્બર શાસ્ત્રો તેઓ વિચારપૂર્વક વાંચી ગયા. તેઓ સંપ્રદાયની રીત પ્રમાણે ચારિત્ર પણ કડક પાળતા. થોડા જ વખતમાં તેમની આત્માર્થિતાની, જ્ઞાનપિપાસાની અને ઉગ્ર ચારિત્રની સુવાસ સૌરાષ્ટ્રમાં ફેલાઈ ગઈ.　　　　　　　　　　　　　　　　　　　　　　　(ક્રમશઃ) ❊



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—સમ્યગ્દર્શન વિના વ્રત-તપ-દાન-શીલ અફળ છે?**

ઉત્તર :—હા, સમ્યગ્દર્શન વિનાના વ્રતાદિ બધું મુક્તિ માટે અફળ છે અને સંસાર વધારવા માટે સફળ છે.

**પ્રશ્ન :—વ્રત-નિયમ-શીલ-તપ આદિના શુભ રાગને અત્યંત સ્થૂળ પરિણામ કેમ કહ્યાં છે?**

ઉત્તર :—આત્મસ્વભાવ સૂક્ષ્મ છે ઇન્દ્રિયોથી અગોચર છે તેથી અત્યંત સૂક્ષ્મ છે. શુભ પરિણામો આત્મસ્વભાવથી વિરુદ્ધ જાતના છે તેથી તેને અત્યંત સ્થૂળ પરિણામ કહ્યાં છે. રાગના પરિણામ જાડા છે, પરલક્ષે થતાં પરિણામ છે, વિકૃત પરિણામ છે, પરઆશ્રયવાળા પરિણામ છે, સ્થૂલ લક્ષવાળા પરિણામ છે, તેથી તેને અત્યંત સ્થૂલ પરિણામ કહ્યાં છે.

**પ્રશ્ન :—આપ પુણ્યને હેય કેમ કહો છો?**

ઉત્તર :—યોગીન્દ્રદેવે તો ચોકખું કહ્યું છે કે હિંસા-જૂઠું-ચોરી આદિ તો પાપ ભાવ છે પણ દયા-દાન-પૂજા-ભક્તિ આદિનો શુભરાગ પણ પરમાર્થે પાપ છે, કેમ કે સ્વરૂપમાંથી પતિત કરે છે ને! આહાહા! પાપને તો પાપ સૌ કહે છે પણ અનુભવી જીવ તો પુણ્યને પણ પાપ કહે છે. બહુ ઝીણી વાત છે, અંતરથી સમજે તો સમજાય તેવી છે.

પાપ ભાવ કો પાપ તો જાનત હૈ સબ લોય।
પુણ્યભાવ ભી પાપ હૈ, જાને વિરલા કોય॥

**પ્રશ્ન :—શુભભાવને હેય ગણતા પાછો અશુભ ભાવ આવી જાય તો?**

ઉત્તર :—અશુભભાવ તો સમકિતીને પણ આવે છે. આર્ત્ત-રૌદ્ર ધ્યાન પણ હોય છે. શુભને હેય માનતા તેની શ્રદ્ધાનું જોર ક્યાં છે તે જોવાનું છે.

**પ્રશ્ન :—ત્યારે અત્યાર સુધી અમે પૂજા-ભક્તિ-વ્રતાદિ કર્યા તે બધું પાણીમાં ગયું?**

**નિસ્સહાય નિર્મમ નીરાગી, સુધારૂપ સુપથગ સૌભાગી;**
**હતકૈતવી મુક્તસંતાપી, સહજસ્વરૂપી સબવિધિ વ્યાપી. ૬૫**

ઉત્તર :—ના, ના, પાણીમાં નથી ગયું. એ પૂજા-ભક્તિ વ્રતાદિથી પુણ્ય બંધાણું અને તેનાથી ભવ મળે છે, ભવ રહિત થવાતું નથી.

**પ્રશ્ન :—ત્યારે અમારે પૂજા–ભક્તિ આદિ કરવા કે ન કરવા?**

ઉત્તર :—કરવા ન કરવાની વાત નથી. કરવા યોગ્ય કાર્ય તો રાગથી ભિન્નતા કરી એક આત્માની અનુભૂતિ કરવી એ જ કરવા યોગ્ય કાર્ય છે. આત્મા જ્ઞાનસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ છે તેના સન્મુખ ઢળતા ધર્મીને પૂર્ણ સ્થિર ન થવાય ત્યાં સુધી પૂજા ભક્તિ વ્રતાદિનો શુભરાગ આવે છે, હોય છે, ભૂમિકા અનુસાર શુભરાગ આવ્યા વિના રહેતો નથી પણ ધર્મી જીવ તેને ધર્મ કે ધર્મનું કારણ માનતા નથી, પુણ્યબંધનું કારણ છે તેમ જાણે છે.

**પ્રશ્ન :—જ્ઞાનીના શુભરાગને વ્યવહારથી અમૃતકુંભ કહે છે તો અજ્ઞાનીના શુભરાગને પણ વ્યવહારથી અમૃતકુંભ કહેવામાં શું વાંધો છે? કેમ કે જ્ઞાની હો કે અજ્ઞાની હો પણ શુભરાગ એ તો શુભરાગ જ છે ને?**

ઉત્તર :—જ્ઞાનીને શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ જ્ઞાન આદિ થયા છે તેને દ્રવ્ય પ્રતિક્રમણાદિ છે તે સર્વ અપરાધરૂપી દોષોને ઘટાડવામાં સમર્થ હોવાથી અમૃતકુંભ સમાન છે તેમ વ્યવહારથી કહેવામાં આવે છે, કેમ કે ધર્મીને શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ જ્ઞાન આદિ છે તેને પ્રતિક્રમણાદિ શુભભાવથી અશુભભાવ ઘટે છે તેથી તેના શુભરાગને વ્યવહારથી અમૃતકુંભ કહ્યું છે, પણ જેને અપ્રતિક્રમણ–પ્રતિક્રમણથી વિલક્ષણ એવા અપ્રતિક્રમણરૂપ શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન થયા નથી તેને તો વ્યવહાર પ્રતિક્રમણાદિ વિષકુંભ જ છે. જેને શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન થયા નથી તેના દ્રવ્ય પ્રતિક્રમણાદિ છે તે દોષ ઘટાડવામાં બિલકુલ સમર્થ નથી તેથી તેમને તો તે પ્રતિક્રમણાદિ વિષકુંભ જ છે. જ્ઞાનીને નિશ્ચય દૃષ્ટિ હોય છે તેથી તેનો શુભ વ્યવહાર છે તે દોષ ઘટાડવાનું કારણ કહેવામાં આવે છે, કેમ કે નિશ્ચય સહિતનો વ્યવહાર છે તે અશુભના દોષને ઘટાડે છે. પણ જેને નિશ્ચય નથી તેને વ્યવહાર જ નથી તેને મિથ્યાત્વ છે તે જ અશુભ છે તેથી તેને દોષ ઘટતો નથી, સમ્યગ્દૃષ્ટિને નિશ્ચયનું જોર છે તેથી તેને મિથ્યાત્વ તો નથી જ અને તેનો વ્યવહાર શુભ છે તેનાથી અંશે અશુભ ઘટે છે તેથી વ્યવહારથી તેને અમૃતરૂપ કહ્યાં છે. ખરેખર તો સમ્યગ્દૃષ્ટિનો શુભરાગ એ પણ ઝેરરૂપ છે પણ તેમાં અમૃતરૂપ ભાવનો આરોપ કરીને શુભરાગને અમૃતરૂપ વ્યવહારથી કહ્યો છે. મિથ્યાદૃષ્ટિનો શુભરાગ તો એકલો ઝેરરૂપ જ હોવાથી તેમાં અમૃતકુંભનો આરોપ પણ આપી શકાતો નથી.

**મહાકૌતુકી મહદ વિજ્ઞાની, કપટવિદારન કરુણાદાની,**
**પરદારન પરમારથકારી, પરમપૌરુષી પાપપ્રહારી. ૬૬**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન* :—**મુનિરાજની અલૌકિક દશા સંબંધી થોડું ફરમાવવા કૃપા કરશો.

**સમાધાન :—**મુનિરાજ વારંવાર અંદર સ્વરૂપમાં આનંદ કરતા હોય છે. તેઓ જંગલમાં વસતા હોય છે છતાં જંગલ સંબંધી કાંઈ લક્ષ હોતું નથી, એક આત્માને જ દેખે છે. છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ઝૂલનારા અને અંતર્મુહૂર્તે અંદર સ્વરૂપમાં જનારા મુનિરાજ એકલા ચૈતન્યમય જ છે. ચૈતન્યમાં જ નિવાસ કરનારા એવા તેમને આહારનું કે બહારનું કાંઈ લક્ષ જ નથી. તેમ જ શરીર તરફનું પણ કાંઈ લક્ષ નથી. એક ચૈતન્યમય જ તેઓ બની ગયા છે. એક કેવળજ્ઞાન નથી થયું એટલું જ છે, બાકી ચૈતન્યમય જ થઈ ગયા છે. નિદ્રા પણ અલ્પ થઈ ગઈ છે. તેમનું જીવન નિરંતર ચૈતન્યમય જ થઈ ગયું છે. જેમ ભગવાન સદા જાગૃત છે તેમ મુનિરાજને જાગૃતમય દશા થઈ ગઈ છે. જાગૃત રહેતાં રહેતાં, અર્થાત્ ચૈતન્યમય રહેતાં રહેતાં શ્રેણી માંડીને શાશ્વત એવી કેવળજ્ઞાનદશા પ્રાપ્ત કરે છે. પછી ચૈતન્યમાંથી બહાર આવતા જ નથી. મુનિદશામાં બહાર આવે અને અંદર જાય, છતાં જીવન ચૈતન્યમય જ છે, તેમનો ચૈતન્યમાં જ નિવાસ છે, તે જ રહેઠાણ છે. આસન પણ તે છે ને ભોજન પણ તે છે—બધું એક આત્મામય જ છે. તેમને બહારના ભોજનની પણ પડી નથી, અને તેથી કેટલા નિયમ સહિત બહાર ભોજન લેવા જાય છે! કે આવી રીતે ભોજન મળે તો લેવું, નહિ તો ભોજન ન લેવું. આમ ભોજન તરફ લક્ષ નથી. તથા ઉપસર્ગ-પરીષહ આવતાં શરીરને ગમે તે થાય તો પણ તેનું ધ્યાન જ નથી. આવી મુનિરાજની અલૌકિક દશા છે. બહારની ક્રિયાનો વિકલ્પ—શુભભાવ આવે, બાકી એકલું આત્મામય જ જીવન છે.

***પ્રશ્ન* :—**અશુદ્ધતા પોતાથી થાય છે, પણ દ્રવ્ય તો શુદ્ધ છે તો શુદ્ધતામાંથી અશુદ્ધતા કેવી રીતે આવે?

**સમાધાન :—**શુદ્ધતામાંથી અશુદ્ધતા નથી આવી, પણ પર્યાયમાં અશુદ્ધતા થવાની તેની યોગ્યતા છે તેથી અશુદ્ધતા થઈ છે. તેમાં પરદ્રવ્ય નિમિત્ત છે ને પોતાનું ઉપાદાન છે.

**કેવલબ્રહ્મ ધરમધનધારી, હતવિભાવ હતદોષ હઁતારી;**
**ભવિકદિવાકર મુનિમૃગરાજા, દયાસિંધુ ભવસિંધુ જહાજા. ૬૭**

જીવની અશુદ્ધતારૂપે પરિણમવાની યોગ્યતા છે અને તેની દૃષ્ટિ પર તરફ જાય છે એટલે વિભાવ થાય છે. દ્રવ્યમાં શુદ્ધતા હોવા છતાં પણ તેનામાં (પર્યાયમાં) અશુદ્ધતા થવાની યોગ્યતા છે એટલે થાય છે.

*પ્રશ્ન :*—આપને કહા કિ વિકલ્પોંસે અપનેકો અલગ કરના. તો ક્યા મૈં ઐસા બાર–બાર વિચાર કરૂં કિ રાગ મેરેમેં નહીં હૈ?

**સમાધાન :**—બાર-બાર વિચાર નહિ, અંદરસે શ્રદ્ધા કરના કિ મૈં રાગસે ભિન્ન હૂં. રાગસે એકત્વબુદ્ધિ ચલ રહી હૈ ઉનકો તોડના, તોડનેકા અભ્યાસ કરના. પીછે ઉનકો રટના નહીં પડતા. એકત્વબુદ્ધિ હો રહી હૈ કિ મૈં શરીર હૂં, મૈં વિકલ્પ હૂં. ઐસી એકત્વબુદ્ધિ નિરંતર ચલતી હૈ ઉનકો તોડનેકા અભ્યાસ કરના.

મુમુક્ષુ:—એકત્વબુદ્ધિ તોડનેકા અભ્યાસ કરનેકે લિયે મુખ્ય માર્ગ ક્યા હૈ?

બહેનશ્રી:—આત્માકી રુચિ–મહિમા કરના, સ્વભાવકી મહિમા લગે, બહાર સુખચૈન ન લગે ઔર અંદર હી ચૈન પડે વહ માર્ગ હૈ. મૈં ચૈતન્યકો કૈસે પીછાનું, ઉસકી મહિમા કૈસે હો ઐસે વારંવાર સ્વભાવકો પીછાનના. જૈસે બાહરમેં વસ્તુ દેખનેમેં આતી હૈ વૈસે મૈં ચૈતન્યકો કૈસે પીછાનું, ઐસે કરકે ચૈતન્યકો પીછાનનેકા વારંવાર અભ્યાસ કરના. અનાદિસે એકત્વબુદ્ધિ ચલ રહી હૈ. ખાતે-પીતે ભી એકત્વબુદ્ધિ રહતી હૈ કિંતુ તબ ભી ભિન્ન કરનેકા અભ્યાસ કરના. ચૈતન્યકી મહિમા લગે તો યહ અભ્યાસ હોવે. જૈસે બને ઐસે યહ અભ્યાસ કરના.

*પ્રશ્ન :*—હમ ધ્યાનમેં બૈઠે તો કિસ તરહકા ચિંતવન કરે? ઇસકા તરીકા બતાઇએ?

**સમાધાન :**—પહલે તો યથાર્થ જ્ઞાન કરના કિ જ્ઞાયક કૈસા હૈ? દ્રવ્ય કૈસા હૈ? ગુણ કૈસા હૈ? પર્યાય કૈસી હૈ? યહ વર્ણ-ગંધ-સ્પર્શ હૈ, વહ પુદ્ગલ દ્રવ્ય હૈ, યે અલગ હૈ ઔર મૈં ચૈતન્યદ્રવ્ય અલગ હૂં, ઐસે પહલે યથાર્થ જ્ઞાન કરના, પીછે યથાર્થ ધ્યાન હોતા હૈ. મૈં ચૈતન્ય હૂં. ઉસકા અસ્તિત્વ ગ્રહણ કરનેકે બાદ ધ્યાન હોતા હૈ. યથાર્થ જ્ઞાન હુએ બિના યથાર્થ ધ્યાન હોતા હી નહીં. પહલે યથાર્થ જ્ઞાન કરના. જો ગુરુદેવને માર્ગ બતાયા હૈ ઉસકા યથાર્થ જ્ઞાન કરના. કૈસા મુક્તિકા માર્ગ હૈ? કૈસે વહ મિલતા હૈ? કૈસા સ્વભાવ હૈ? કૈસે મૈં નિર્મલ હૂં? યે વિભાવ ક્યા હૈ? મોક્ષસ્વરૂપ આત્મા કૈસા હૈ? યહ સબ પહલે પીછાન કરકે પીછે ધ્યાન કરના, તો ધ્યાન યથાર્થ જમતા હૈ. જ્ઞાન વિના ધ્યાન જમતા નહીં હૈ.

**શંભુ સર્વદર્શી શિવપંથી, નિરાબાધ નિઃસંગ નિર્ગ્રન્થી;**
**યતી ચંદ્રદાહક હિતકારી, મહામોહબારન બલધારી. ૬૮**

## બાળ વિભાગ

## ત્રિલોકમંડન હાથી

રાવણને હરાવીને લંકાથી પાછા આવતા સમયે ત્રિલોકમંડન હાથીને રામચંદ્ર-લક્ષ્મણ સાથે લાવ્યા જે તેમનો મુખ્ય હાથી હતો. તે એક દિવસે પોતાના બંધન તોડી ચિત્કાર કરતો ભાગવા લાગ્યો પરંતુ ભરતને દેખતા જ એકદમ શાંત થઈ ગયો ..હવે આગળ

ભરતને જોતા જ હાથી એદકમ શાંત થઈ ગયો અને જેમ ગુરુ પાસે શિષ્ય વિનયથી ઊભો રહે છે, તેમ ભરતની પાસે હાથી વિનયપૂર્વક ઊભો રહી ગયો. ભરતે પ્રેમથી તેના માથા ઉપર હાથ મૂકીને શાંત સ્વરમાં કહ્યું–‘‘અરે ગજરાજ ! તને આ શું થયું ? તું શાંત થા !! આ ક્રોધ તને શોભા દેતો નથી. તમે ચૈતન્યની શાંતિને જુઓ.’’

ભરતના મધુર વચન સાંભળીને હાથીને અપૂર્વ શાંતિ મળી, તેની આંખોમાંથી આંસુ પડવા લાગ્યા, તે વૈરાગ્યપૂર્વક વિચાર કરવા લાગ્યો કે ‘‘અરે, હવે પશ્ચાતાપ કરવાથી શું લાભ ? હવે મારું આત્મકલ્યાણ થાય અને હું આ ભવદુઃખથી મુક્ત થાઉં–એવો ઉપાય કરીશ.’’

આ પ્રમાણે પરમ વૈરાગ્યનું ચિંતવન કરતો થકો હાથી એકદમ શાંત થઈને ભરતની સામે એકીટસે જોતો રહ્યો. જાણે કે એમ કહી રહ્યો હોય કે—

‘‘હે બંધુ ! તમે પૂર્વભવના મારા મિત્ર છો, પૂર્વભવમાં સ્વર્ગમાં આપણે બંને સાથે હતા. હવે મારું આત્મકલ્યાણ કરાવીને આ પશુગતિમાંથી મારો ઉદ્ધાર કરો.’’

(વાહ રે વાહ ! ધન્ય હાથી ! તમે હાથી થઈને પણ આત્મ કલ્યાણનું મહાન કાર્ય શરૂ કરી દીધું. પશુ પર્યાયમાં હોવા છતાં પણ તમે પરમાત્માને સમજવા માટે પોતાનું બાકીનું જીવન લગાવી દીધું. અહો ગજરાજ ! ધન્ય છે તમને !!)

હાથીને એકાએક શાંત થયેલો જોઈને લોકોને ખૂબ આશ્ચર્ય થયું–‘‘અરે આ શું થયું ? ભરતે હાથી ઉપર કેવો જાદુ કર્યો ? તે એકાએક શાંત કેમ થઈ ગયો ?’’


ભરત તેના ઉપર બેસીને નગરીમાં આવ્યો અને હાથીને ગજશાળામાં છોડી દીધો. હવે મહાવત તેની ખૂબ જ સેવા કરતા હતા, તેને મોહિત કરવા માટે સંગીત વગાડતા, તેને પ્રસન્ન કરવાનો ઉપાય કરતા, પણ આશ્ચર્યની વાત તો એ હતી કે હવે હાથી ન તો કાંઈ ખાતો કે સંગીત આદિ પર ધ્યાન પણ આપતો નથી. સૂતો પણ નથી, ક્રોધ પણ કરતો નથી અને એકદમ ઉદાસ જ રહે છે. પોતામાં આંખ બંધ કરીને શાંત થઈને બેઠો રહે છે અને આત્મહિતની વાત વિચારતો રહે છે. જાતિ-સ્મરણપૂર્વક તે પોતાના આત્માને પ્રાપ્ત કરતો થકો હવે સંસાર અને શરીરથી અત્યંત વિરક્ત થઈ ગયો.

આ પ્રમાણે ખાધા-પીધા વગર જ એક દિવસ વીત્યો, બે દિવસ થઈ ગયા, ચાર

દિવસ વીત્યા.... ત્યારે મહાવતોએ રાજા રામચંદ્રજી પાસે આવીને કહ્યું–

"હે રાજન્ ! આ હાથી ચાર દિવસથી કાંઈપણ કરતો નથી–ન તો ખાય છે ને ન તો પાણી પીએ છે, સુતો પણ નથી અને ક્રોધ પણ કરતો નથી. શાંત થઈને બેઠો રહે છે અને કોણ જાણે આખો દિવસ કોનું ધ્યાન કરે છે. અમે તેને રીઝાવવાનો ખૂબ જ પ્રયત્ન કર્યા, પણ તેના મનમાં શું વાત છે ? ખબર પડતી નથી. મોટા મોટા ગજવૈદ્યોને બતાવ્યું, તે પણ હાથીના રોગને જાણી શકતા નથી–આ હાથી આપણી સેનાની શોભા છે. આ ઘણો બળવાન છે–તેને એકાએક આ શું થઈ ગયું ? તે અમારી સમજમાં નથી આવતું, માટે આપ કોઈ ઉપાય કરો.

આ સમયે અચાનક એક સુંદર બનાવ બન્યો. અયોધ્યા નગરીમાં બે કેવળી ભગવંત પધાર્યા તેમના નામ હતા–દેશભૂષણ અને કુલભૂષણ. (રામ અને લક્ષ્મણના વનવાસના પ્રસંગે વંશધર પર્વત ઉપર આ યુગલ મુનિઓના ઉપસર્ગને દૂર કરીને તેમની ઘણી ભક્તિ કરી હતી અને તે સમયે તે બંને મુનિઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું.) તે જગતના જીવોનું કલ્યાણ કરતા અયોધ્યા નગરીમાં પધાર્યા. ભગવાનના પધારવાથી સમસ્ત નગરીમાં આનંદ છવાઈ ગયો. બધા તેમના દર્શન કરવા માટે ચાલ્યા...રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન પણ આ ત્રિલોકમંડન હાથીની ઉપર બેસીને તે ભગવંતોના



દર્શન કરવા માટે આવ્યા.. અને ધર્મોપદેશ સાંભળવાને માટે બેઠા. ભગવાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો અદ્ભુત ઉપદેશ આપ્યો, તે સાંભળીને બધા ખૂબ જ આનંદિત થયા.

ત્રિલોકમંડન હાથી પણ તે કેવળી ભગવાનના દર્શનથી ખૂબ જ પ્રસન્ન થયો અને ધર્મોપદેશ સાંભળીને તેનું ચિત્ત સંસારથી ઉદાસ થઈ ગયું, તેણે અપૂર્વ આત્મશાંતિ પ્રાપ્ત

કરી. તેણે ભગવંતોને નમસ્કાર કરીને શ્રાવકના વ્રત અંગીકાર કર્યા.

ધન્ય છે ગજરાજ તમને ! તમે આત્માને સમજીને જીવન સફળ બનાવ્યું ! તમે પશુ નહીં દેવ છો, ધર્માત્મા છો, દેવોથી પણ મહાન છો.

બાળકો, જુઓ ! જૈનધર્મનો પ્રતાપ !! એક હાથી જેવા પશુનો જીવ પણ જૈનશાસન પ્રાપ્ત કરીને કેટલો મહાન થઈ ગયો ! તમે પણ આવા મહાન જૈનશાસનને પ્રાપ્ત કરીને, હાથીની જેમ આત્માને સમજીને, ઉત્તમ વૈરાગ્યમય જીવન જીવો !

ભગવાનનો ઉપદેશ સાંભળીને મહારાજ લક્ષ્મણને એ જાણવાની જિજ્ઞાસા થઈ કે—"આ ત્રિલોકમંડન હાથી પહેલા બંધન તોડીને કેમ ભાગ્યો ? પછી ભરતભાઈને જોઈને એકદમ કેમ શાંત થઈ ગયો ?"

ત્યારે ભગવાનની વાણીમાં આવ્યું કે આ ભરતનો જીવ અને હાથીનો જીવ બંને પૂર્વભવમાં મિત્ર હતા, તેમનો પૂર્વભવનો વૃતાંત આ પ્રમાણે છે, તેને સાંભળો—

"ભરત અને ત્રિલોકમંડન હાથી બંને જીવો ઘણા વર્ષો પહેલા ભગવાન ઋષભદેવના સમયમાં ચંદ્ર અને સૂર્ય નામના બે સગા ભાઈ હતા. મારીચિના મિથ્યા ઉપદેશથી કુધર્મની સેવા કરીને બંને વાંદરો, મોર, પોપટ, સાપ, હાથી, દેડકો, બિલાડી, કુકડા આદિ ઘણા ભવ ધારણ કર્યા અને બંનેએ એકબીજાને ઘણીવાર માર્યા, કોઈવાર ભાઈ થયા, પછી પિતા-પુત્ર થયા. આ પ્રમાણે ભવભ્રમણ કરતાં-કરતાં કેટલાક ભવ પછી ભરતનો જીવ જૈનધર્મ પ્રાપ્ત કરીને મુનિ થઈને છઠ્ઠા સ્વર્ગમાં ગયો અને આ હાથીનો જીવ પણ પૂર્વભવમાં વૈરાગ્ય પ્રાપ્ત કરીને મૃદુમતિ નામના મુનિ થયા.

એકવાર એક નગરીમાં બીજા એક મહા ઋદ્ધિધારી મુનિરાજ પધાર્યા, તે ખૂબ જ ગુણવાન અને તપસ્વી હતા. તેમણે ચાતુર્માસમાં ચાર મહિનાના ઉપવાસ કર્યા અને પછી ચાતુર્માસ પૂર્ણ થતા બીજે ઠેકાણે વિહાર કરી ગયા. ત્યારે તે નગરમાં મૃદુમતિ મુનિ (હાથીનો જીવ) આવ્યા, ત્યારે લોકોએ ભૂલથી તેમને જ મહા-તપસ્વી સમજી લીધા અને સન્માન કરવા લાગ્યા. તેમને ખ્યાલ આવ્યો કે લોકો ભ્રમથી મને ઋદ્ધિધારી તપસ્વી સમજીને મારો આદર કરે છે—આમ જાણતા થકા માન (અભિમાન)ને વશ થઈ તેમણે લોકોને સાચી વાત બતાવી નહીં કે તે તપસ્વી મુનિરાજ અન્ય છે હું નથી.

તેથી તે માયાચાર કરવાના પરિણામ સ્વરૂપ તેમને તિર્યંચગતિના બંધનું કારણ થયું, પરંતુ મુનિપણાના પ્રભાવથી તે ત્યાંથી મરણ પામી પહેલાં તો છઠ્ઠા સ્વર્ગમાં ગયો. ભરતનો જીવ પણ ત્યાં હતો. તે બંને દેવમિત્ર હતા. તેમાંથી એક તો અયોધ્યામાં રાજપુત્ર ભરત થયો અને બીજો જીવ માયાચારીના પરિણામને કારણે મરીને આ હાથી થયો છે. તેનું મનોહર રૂપ જોઈને લંકાના રાજા રાવણે તેને પકડી લીધો અને તેનું નામ ત્રિલોકમંડન હાથી રાખ્યું."

(ક્રમશઃ) ❋

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૩૦ થી ૬-૫૦ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

---

✻ **ફાલ્ગુની નંદીશ્વર–અષ્ટાહ્નિકા** : ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૧૦-૩-૨૦૨૨, ગુરુવારથી તા. ૧૮-૩-૨૦૨૨ શુક્રવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.


આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

**ફોર્મ નં. ૪, નિયમ નં. ૮**

| | |
|---|---|
| સમાચાર પત્રનું નામ | : આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| પ્રકાશન સ્થાન | : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ. ભાવનગર |
| માલિક | : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા

તા. ૧-૩-૨૦૨૨

અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦

## (૧૦૩)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

### નીચે આપેલા પ્રશ્નોના કૌંસમાં આપેલ જવાબમાંથી સાચો જવાબ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) જીવના પરિણામ અનુસાર કર્મનું જે બંધન થાય છે તેનો કર્તા .................. છે. (પુદ્‌ગલ, જીવ, વિભાવભાવ)

(૨) તીર્થંકર મુનિને જે પ્રથમ આહારદાન આપે છે, તે નિયમથી તે જ ભવે અથવા.............. ભવે મોક્ષ જાય છે. (ત્રીજા, પાંચમા, સાતમા)

(૩) કર્તા-કર્મપણું ત્યારે જ બને જ્યાં .................. પણું હોય છે. (નિમિત્ત-ઉપાદાન, કાર્યકારણ, વ્યાપ્યવ્યાપક)

(૪) સોનગઢના મુખ્ય જિનાલય ઉપર ..................... ભગવાન બિરાજમાન છે. (સીમંધરનાથ, શાંતિનાથ, નેમિનાથ)

(૫) પાંચ અસ્તિકાયમાં ................ દ્રવ્યનો સમાવેશ નથી. (કાળ, પુદ્‌ગલ, આકાશ)

(૬) મનુષ્ય અને તિર્યંચ પ્રત્યે મમત્વબુદ્ધિથી કરૂણા થવી તે ................ છે. (અગૃહિત મિથ્યાત્વ, ગૃહિત મિથ્યાત્વ, પ્રમાદ)

(૭) .................. ની કથન શૈલીને સ્યાદ્વાદ કહે છે. (જૈનધર્મ, સતશાસ્ત્ર, અનેકાંત)

(૮) નવ અનુદિશ દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ............ સાગરોપમ છે. (૨૨, ૩૧, ૩૨)

(૯) સમ્મેદશિખરની ................ ટૂંક ઉપરથી અજિતનાથ ભગવાન મોક્ષ ગયા છે. (મોહન, ધવલ, સિદ્ધવર)

(૧૦) કષાયથી અનુરંજિત યોગને .................. કહે છે. (લેશ્યા, મિથ્યાત્વ, પ્રમાદ)

(૧૧) કાળદ્રવ્યનું પોતાનું પરિણમન અન્ય દ્રવ્યના પરિણમનમાં ................. કારણ છે. (ઉપાદાન, નિમિત્ત, પ્રેરક)

(૧૨) અહંકાર અને મમકારનો ત્યાગ તેને ..................... કહે છે. (કાયક્લેશ, વ્યુત્સર્ગ, વિનય)

(૧૩) તેરમું અને ચૌદમું ગુણસ્થાન ................. ના નિમિત્તે છે. (ચારિત્ર મોહનીય, યોગ, પ્રમાદ)

(૧૪) ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યમાં ................. ભેદ નથી માટે તેઓ સાથે સંભવી શકે છે. (કાળ, ક્ષેત્ર, ભાવ)

(૧૫) મુનિને ................ કષાયનો રાગ હયાત હોય છે. (અનંતાનુબંધી, પ્રત્યાખ્યાનાવરણી, સંજ્વલન)

(૧૬) .............. નો કંદમૂળમાં સમાવેશ નથી. (સેવાળ, પાલક, પીપળફળ)

(૧૭) ૨૨ અભક્ષ્યમાં ................ સમાવેશ નથી. (ટમેટા, દહીંવડા, વરસાદના કરા)

(૧૮) નાનામાં નાનો શરીરવાળો નિગોદનો જીવ .............. પ્રદેશી છે.
(સંખ્યાત, અસંખ્યાત, એક)

(૧૯) મનોગુપ્તિને ધારણ કરનાર મુનિને નિયમથી ................ જ્ઞાન હોય છે.
(મનઃપર્યય, અવધિ, મતિ-શ્રુત)

(૨૦) વાસુપૂજ્ય ભગવાના વૈરાગ્યનું કારણ ................ હતું.
(ઉલ્કાપાત, મેઘવિનાશ, જાતિસ્મરણ)

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી– ૨૦૨૨ના ઉત્તર

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ✕ | (૫) | ✓ | (૯) | ✕ | (૧૩) | ✓ | (૧૭) | ✕ |
| (૨) | ✕ | (૬) | ✕ | (૧૦) | ✕ | (૧૪) | ✕ | (૧૮) | ✕ |
| (૩) | ✕ | (૭) | ✕ | (૧૧) | ✕ | (૧૫) | ✓ | (૧૯) | ✓ |
| (૪) | ✕ | (૮) | ✓ | (૧૨) | ✓ | (૧૬) | ✓ | (૨૦) | ✕ |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી – ૨૦૨૨ના ઉત્તર

(૧) તીર્થંકરની દિવ્યધ્વનિ પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ તથા શુદ્ધાત્માના
(૨) અનંતા
(૩) અનંત
(૪) મનુષ્ય
(૫) ૮, આઠ
(૬) સુખી દુઃખી
(૭) મોહ
(૮) સ્વભાવ
(૯) અંતર્મુહૂર્ત
(૧૦) અજ્ઞાની
(૧૧) નરક, વિંછી
(૧૨) પુણ્ય અને પાપ
(૧૩) સાદિ અનંત
(૧૪) મિથ્યાદષ્ટિને ન
(૧૫) પંચેન્દ્રિય
(૧૬) સ્વભાવ પરિણતિ, વિભાવ પરિણતિ દુઃખ
(૧૭) મનુષ્ય, તિર્યંચ
(૧૮) સમ્યક્દર્શન
(૧૯) જ્યોતિષી
(૨૦) સમ્યક્દષ્ટિ

## (૧૦3) બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની પહેલી ઢાળમાંથી મળશે.)

(૧) ............... ................. ................... તે દુઃખનું કારણ છે.

(૨) ............... જીવ બધે દુઃખી છે.

(૩) .................... એ મહા દુઃખ દેનાર શત્રુ છે.

(૪) જ્યાં .................... છે ત્યાં જ સુખ છે.

(૫) જીવના ................. ભાવ અનુસાર કર્મ બંધાય છે.

(૬) સંસારમાં રખડતા જીવે ....................... ન જાણ્યું.

(૭) સંસારનો ઝાઝો કાળ જીવે .................. મહાદુઃખમાં ગાળ્યો.

(૮) ...................... ભાવો તે આસ્રવ છે.

(૯) જીવ ............ છે શરીર ............. છે.

(૧૦) સુખ દુઃખ .................. માં છે ..................... માં સુખ દુઃખ નથી.

(૧૧) આત્મા ................. થી ભરેલો ભગવાન છે.

(૧૨) ................ .................. .................... વડે સંવર થાય છે.

(૧૩) અગૃહિત મિથ્યાત્વ એટલે ................ ના સાચા સ્વરૂપને ભૂલીને .............. માન્યું તે છે.

(૧૪) ગૃહિત મિથ્યાત્વ એટલે ............ ............... ............નું સેવન કરવું.

(૧૫) જીવે ................ ન છોડ્યું અને ............ ન કર્યું તેથી સંસાર ભ્રમણ ન ટળ્યું.

(૧૬) ................... તત્ત્વો જાણવા પ્રયોજનભૂત છે.

(૧૭) શુદ્ધદષ્ટિથી ..................... જ ઉપાદેય છે.

(૧૮) સાત તત્ત્વોમાં ............... ................... શત્રુ જેવા અને ............. .............. .................... મિત્ર જેવા છે.

(૧૯) ................. થી ભિન્નતા જાણીને ................ માં ઠરે તો મોક્ષમાર્ગની શરૂઆત થાય.

(૨૦) હું ................. સ્વરૂપ જીવ છું એમ જીવે અનુભવ કરવો જોઈએ.

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તથા સ્થાયી પુરસ્કર્તાઓ**
**સમ્યક્ ભાવના સહ અધ્યાત્મ અતિશયતીર્થ**
**સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે**

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૦મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમજ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા ઉપર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ''ભાવી તીર્થંકરદ્રવ્યરૂપ'' સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં તથા પોતાના શુદ્ધાત્માભિમુખી તીવ્ર પુરુષાર્થ વડે જેમણે ૧૯ વર્ષની બાળવયે વિ.સં. ૧૯૮૯ ફાગણ વદ દસમના દિને વાંકાનેર નગરે પોતાની પરિણતિમાં સ્વાનુભૂતિસહિત નિર્મળ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે તે ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૦મો વાર્ષિક મંગલ 'સમ્યક્ત્વજયંતી' મહોત્સવ તા. ૨૩-૩-૨૦૨૨, બુધવારથી તા. ૨૭-૩-૨૦૨૨, રવિવાર (ફાગણ વદ-૧૦) સુધી પાંચ દિવસનો છે. આ પંચદિવસીય કાર્યક્રમ શ્રી રત્નત્રય મંડલ વિધાન-પૂજા, પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમ્યક્ત્વમહિમા ભરપૂર અધ્યાત્મિક સીડી પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણ વર્ગ, વિશેષ ભક્તિ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઊજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ અવસર પર સમસ્ત મુમુક્ષુ સમાજને સોનગઢ પધારવાનું અમારું ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ
તથા સ્થાયી પુરસ્કર્તાઓના
જય-જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● અરે ભાઈ સાંભળ...સાંભળ. અમે તો આત્માને જોઈને વાત કરીએ છીએ. ભગવાન આત્મા સદાય આનંદમય, સદાય વીર્યમય, સદાય શિવમય એવું પરમાત્મતત્ત્વ છે. તેના વિષે દયા-દાન આદિ કરવાનું કહેતા તો લજ્જા આવે છે. અરે, તું એવડો મોટો પરમાત્મસ્વરૂપ સદાય કલ્યાણમય છો કે તારામાં ધ્યાન કરવાનું કહેતા પણ લજ્જા આવે છે. ૫૦૧.

● આહાહા! દિગમ્બર સંતોની વાણી તો જુઓ, મારફાડ કરતી ત્રિકાળી ચૈતન્યતત્ત્વને બતાવે છે. આહાહા! શુદ્ધનય ધ્યાન કરવાનું પણ કહેતો નથી. શુદ્ધનય પર્યાયને કબૂલતો નથી. એ તો સદાય આનંદસ્વરૂપ શુદ્ધ પરમાત્મતત્ત્વને જ સ્વીકારે છે. આહાહા! ભાઈ! તારા પૂર્ણ પ્રભુની વાત તો જો. ૫૦૨.

● દુનિયાની વાતનો રસ જેને હોય તેને આ વાત બેસવી કઠણ લાગે છે અને જેને આ વાતનો રસ લાગી જાય છે તેને બીજામાં રસ લાગતો જ નથી. એમ જેને ઈન્દ્રિયજ્ઞાનનો રસ ચડ્યો છે તેને અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થતું નથી. જેમ રાગ એ વ્યભિચાર છે તેમ ઈન્દ્રિયજ્ઞાનનો રસ એ વ્યભિચાર છે. ૫૦૩.

● અધ્યવસાનના ત્યાગ માટે પરદ્રવ્યનો ત્યાગ કરવા કહ્યું છે. પરના ત્યાગથી અધ્યવસાનનો ત્યાગ થતો નથી પણ અધ્યવસાનનો ત્યાગ કરાવવા પરનું લક્ષ છોડાવવા જ્યાં પરનો ત્યાગ કરવા કહ્યું છે ત્યાં પરના આશ્રયનો ત્યાગ કરાવવો છે. કેમ કે અધ્યવસાનને પરદ્રવ્યનો આશ્રય છે. તે આશ્રયનો ત્યાગ કરાવવા બાહ્ય ત્યાગની વાત કરી છે. પરંતુ જેની દૃષ્ટિ બાહ્ય ત્યાગ ઉપર પડી છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. (મિથ્યાત્વનું પોષણ કરનાર છે.) ૫૦૪.

● પ્રશ્ન :—રાગ અને આત્માની સૂક્ષ્મ સંધિ દેખાતી નથી. બીજા વિચારો આવ્યા કરે છે તો પ્રજ્ઞાછીણી કેમ મારવી ?

ઉત્તર :—પોતે ઊંધો પુરુષાર્થ કરે છે તેથી બીજા વિચારો આવ્યા કરે છે. પુરુષાર્થ કરીને ઉપયોગને સ્વભાવ સન્મુખ સૂક્ષ્મ કરે તો આત્મા અને બંધની સંધિ દેખાય અને જુદા પાડી શકે છે. ૫૦૫.

આત્મધર્મ
માર્ચ-૨૦૨૨
અંક-૭ ● વર્ષ-૧૬

Posted at Songadh PO
Publish on 1-3-2022
Posted on 1-3-2022

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org